પ્રાચીન સીમાચિન્હો



આશિષ રાયચૂર

ફક્ત મફત વહેચણી માટે
ઓલ પીપલ્સ ચર્ચ અને વર્લ્ડ આઉટરિચ, બેંગ્લોર, ઇંડિયા દ્વારા છાપણી અને વહેંચણી
અત્યારની પ્રત: 2024

માહિતી માટે સંપર્ક કરો
All Peoples Church & World Outreach
#319, 2nd Floor, 7th Main, HRBR Layout,
2nd block, Kalyan Nagar, Bangalore 560 043
Karnataka, India

ફોન: +91-80-25452617
ઈમેલ: **bookrequest@apcwo.org**
વેબસાઈટ: **apcwo.org**

પ્રત્યેક વચન એ પવિત્ર બાઇબલ O. V Reference માથી લીધેલ છે. Copyright @ The Bible Society Of India (BSI). બાઇબલની વ્યાખ્યાઓ, હિબ્રૂ અને યુનાની શબ્દો અને તેના અર્થ પવિત્ર શાસ્ત્રમાંથી લીધેલા છે.

આર્થિક ભાગીદારી માટે
આ પ્રકાશનોની મફત વહેંચણી ઓલ પીપલ્સ ચર્ચ ના સદસ્યો, મિત્રો અને ઉદાર દાનવીરો દ્વારા આપવામાં આવેલા દાનો દ્વારા શક્ય બનેલું છે. જો તમે આ મફત પ્રકાશનથી આશીર્વાદ પામ્યા છો તો અમે તમને ઓલ પીપલ્સ ચર્ચ દ્વારા મફત પ્રકાશનોને છાપવામાં અને વહેંચણી કરવામાં તમારા આર્થિક સહયોગને આપવામાટે નિમંત્રણ આપીએ છીએ. મહેરબાની કરીને તમે **apcwo.org/give** ની મુલાકાત કરો અને "ઓલ પીપલ્સ ચર્ચની સાથે પાર્ટનર" ઉપર ક્લિક કરો. આ પુસ્તકના પાછળના પાન ઉપર તમે તમારો આર્થિક સહયોગ કેવી રીતે કરી શકો તે લખેલું છે. તમારો આભાર!

મફત સામગ્રી અને તેના અનુસંધાનમાં વેબસાઇટ
સંદેશાઓને માટે: apcwo.org/sermons|**પુસ્તકો:** apcwo.org/books
ચર્ચની એપ: apcwo.org/app | **બાઇબલ કોલેજ:** apcbiblecollege.org
ઈ-લર્નિંગ: apcbiblecollege.org/elearn | **કાઉન્સીલિંગ:** chrysalislife.org
સંગીત: apcmusic.org | **સેવકોની સંગતી:** pamfi.org
એપીસી જાગતિક મિશન: apcworldmissions.org

(Gujarati – Ancient Landmarks)

પ્રાચીન સીમાચિન્હો

યહોવા આમ બોલે છે કે, “માર્ગોમાં ઊભા રહીને જુઓ,
ને પુરાતન માર્ગોમાં જે ઉત્તમ માર્ગ છે તેની
શોધ કરીને તેમાં ચાલો. એટલે તમારા જીવને વિશ્રાંતિ મળશે.”
યર્મિયા 6:16

અનુક્રમણિકા

1. આપણી આસપાસનું વિશ્વ બદલાઈ રહ્યું છે 1
2. ખ્રિસ્તી ધર્મીઓ મધ્યે બદલાણનો પવન ફૂંકાઈ રહ્યો છે 5
3. પ્રાચીન સીમાચિન્હો શું છે? 8
4. આપણાં પ્રાચીન સીમાચિન્હો 14
5. કાર્યસ્થળ માટેના પ્રાચીન સીમાચિન્હો 22
6. સમર્પણ માટે તેડું 32

1
આપણી આસપાસનું વિશ્વ બદલાઈ રહ્યું છે

"પ્રાચીન સીમાચિન્હો" એ એક સંદેશ છે જે કેટલાક સમયથી મારા હૃદયમાં હતો, જે હવે હું આપની સમક્ષ આ પુસ્તકનાં સ્વરૂપમાં મૂકું છું. આ કદાચ એ પ્રકારનો સંદેશ છે જે હું મારા અંતિમ સંદેશાઓમાંના એક તરીકે પ્રચાર કરીશ જ્યાંથી હું બેટન (દંડૂકો) આગળ પાસ કરી નીકળીશ ત્યાંથી આગામી પેઢી દોડ ચાલુ રાખશે. આ સંદેશો સામાન્ય રીતે બેંગલોર જેવા મોટા શહેરોની પરિસ્થિતિને વધુ લાગુ પડે છે અને આપણાં દેશના નાના શહેરો અને ગામડાઓના વાચકો માટે અત્યારે સંબધિત ન લાગે.

આપણી જીવનશૈલીમાં થતાં ફેરફારો

જો આપણે વયસ્કો (25+ની ઉંમર) અને સહસ્ત્રાબ્દી પેઢી (1984 થી 2001 ની વચ્ચે જન્મેલા) વચ્ચે સરખામણી કરીએ તો, જે વિશ્વમાં આપણે મોટા થયા છીએ તેમાં અને હાલમાં આપણે ઘણી બધી વિરોધાભાસી બાબતોની યાદી બનાવી શકીએ.

- દૂરદર્શન-એક જ ચેનલ સાથે બ્લેક એન્ડ વ્હાઈટ ટી.વી. હતું. આજની પેઢી પોગો, એન.બી.સી., એમ.ટી.વી., સ્ટાર વર્લ્ડ, વિગેરે સાથે ઉછરી રહી છે. વિશ્વ મીડિયા બદલાઈ રહ્યું છે. આજની પેઢી મીડિયા આધારે ઘણાં આગળ વધી રહ્યા છે.
- આપણે સ્પૂલ અને રેકોર્ડ સાથે મોટા થયા. આજની પેઢી ડીવીડી, એમપી૪ પ્લેયર્સ અને આઈપોડ સાથે ઉછરી છે. તેઓમાના ઘણાઓએ રેકોર્ડ જોયા પણ નથી.
- આપણે એમ્બેસેડર, પ્રીમીયર પદ્મિની, મારુતિ, ટાટા, બિરલા સાથે મોટા થયા. આજની પેઢી હોન્ડા, ટોયોટા,

બીએમડબલ્યુ, માઈક્રોસોફ્ટ, આઇબીએમ, ગૂગલ વિગેરે સાથે મોટી થઈ છે.

- આપણે થમ્સઅપ, બાજલ અને ફેંટા પીધી છે. આજની પેઢીએ કોક, ડાયેટ કોક અને પેપ્સી પીધી છે.
- આપણે સ્થાનિક હોટેલ કે જ્યાં'તૈયાર જમવાનું'અને કામત રેસ્ટોરન્ટ જેવી જગ્યાએ કોફી પીધી છે જ્યારે આજની પેઢી કેફે કોફી ડેમાં કોફી પીવે છે.
- આપણે ટેલિફોનના સાદા ડબલા સાથે ગર્વ અનુભવતા હતા, આપણાં પડોસીઓ પણ ક્યારેક આપણાં ડબલાવાળા ટેલિફોનનો ઉપયોગ કરવા આપણી મુલાકાત લેતા. આજની પેઢી પાસે ટચ સ્ક્રીનવાળા સ્માર્ટ મોબાઈલ છે. આજની પેઢીના ઘણાઓએ તો સાદા ડબલા પરથી ડાઈલ પણ કર્યું નહીં હોય, અને કદાચ કરશે પણ નહીં!
- હું કોલેજમાં આવ્યો ત્યાં સુધી મેં કમ્પ્યુટર પર કામ કર્યું નહતું, અને જ્યારે હું 20 વર્ષનો થયો ત્યારે પહેલીવાર ખુબ પરિશ્રમ કરીને પાવરપોઈંટ પ્રેજેંટેશન બનાવી શક્યો. મારો દીકરો, જોશુઆ, 10 વર્ષની ઉંમરે એનિમેટેડ પાવરપોઈંટ પ્રેજેંટેશનની સાથે સાથે એમપી૪ પર મ્યુઝિક ડાઉનલોડ કરવું, ગૂગલ પર સર્ચ કરવું, વિકિપેડિયા પર રીસર્ચ કરતો હતો. મારી દીકરી, રૂથ, સાત વર્ષની ઉંમરે તેના ભાઈ પાસેથી શીખવામાં જરાપણ પાછળ નથી!
- જ્યારે આપણે રમતા, ત્યારે આપણાં મિત્રો આપણી ગલી કે ફળિયા પૂરતા સીમિત હતા. આજની પેઢી ત્વરિત સંદેશાની સુવિધાઓ, ફેસબૂક, ઇન્સ્ટાગ્રામ, ટ્વિટર(હવે એક્સ (X)), વિગેરે દ્વારા વિશ્વ સમુદાય સાથે ઓનલાઈન જોડાઈ શકે છે. તેઓ વિશ્વભરના તેઓના મિત્રો સાથે ગમે ત્યારે ઓનલાઈન રમત રમી શકે કે સંદેશની આપ-લે કરી શકે છે.

આપણાં બાળકો તથા કિશોરો જે વિશ્વમાં ઉછરી રહ્યાં છે—જેમાં આપણે પણ આજે છીએ, એ વિશ્વ આપણે જેમાં ઉછરીને મોટા થયાં તે કરતાં તદ્દન વિભિન્ન છે. બાળકો અને કિશોરો આ બદલાતા વિશ્વના, જેમાં તેઓ રહી રહ્યાં છે અને ઉછરી રહ્યાં છે,

તેના તેઓ સ્થાનિક રહેવાસીઓ છે, આપણે આ નવા વિશ્વમાં વસાહતીઓ બની આવ્યા છીએ.

આપણાં શહેરમાં થતાં ફેરફારો

મહેનતાણું

પહેલા, સાડા પાંચ વર્ષના ઘનિષ્ઠ અભ્યાસ અને બીજા થોડા વર્ષો અનુસ્તાક કર્યા પછી, એક ડૉક્ટર શરૂઆતમાં કદાચ 3000 રૂપિયા કમાઈ શકતા. હવે, કોલેજનો અધૂરો અભ્યાસ છોડીને કોલ સેન્ટરમાં કામ કરનાર કોઈપણ વ્યક્તિ 15000 રૂપિયા કમાઈ શકે છે!

સુપર માર્કેટથી સુપર મોલ

આપણી પેઢી દરમ્યાન, આપણે સામાન્યપણે સ્થાનિક સુપરમાર્કેટમાથી ખરીદી કરતાં હતા કે જે વિષે વધુ કઇં કહેવાની જરૂર નથી. કોઈ વાતાનુકૂલિત સિસ્ટમ નહીં, સ્વયં ચલિત પગથિયાં નહીં, મોટા શોપિંગ કોમ્પ્લેક્સ નહીં. આજે આપણાં શહેરોમાં વાતાનુકૂલિત સિસ્ટમ સાથેના, બહુમાળી મકાનો ધરાવતા, આંતરરાષ્ટ્રીય બ્રાન્ડ સાથેના સુપરમોલ જોઈ શકીએ છીએ.

આ સર્વ ઉપરાંત વિશેષ કરીને, આપણે જીવનશૈલીમાં, વિચારધારામાં, અને બીજી ઘણી બાબતોમાં અસંખ્ય ફેરફારો જોઈએ છીએ.

વિશ્વદૃષ્ટિકોણમાં ફેરફારો: આધુનિકતાવાદ અને આધુનિક્તાવાદ પછી

સમાજશાસ્ત્રીઓ જણાવે છે કે પાછલા 40 વર્ષોમાં, અને છેલ્લા એક દાયકા દરમ્યાન, સંસ્કૃતિ કે વિશ્વદૃષ્ટિકોણ, "આધુનિકતા" થી "આધુનિકતા પછી"ના યુગની વિચારધારા તરફ બદલાઈ રહ્યું છે કે બદલાઈ ગયું છે. આપણે મોટાભાગના "આધુનિક" વિશ્વમાં મોટા થયા છીએ. જ્યારે આપણાં બાળકો અને કિશોરો "આધુનિકતા પછી"ના વિશ્વદૃષ્ટિકોણમાં ઉછરી રહ્યાં છે.

આધુનિકતા

આધુનિકતાની શરૂઆત જ્ઞાનની સાથે થઈ. વૈજ્ઞાનિક પદ્ધતિઓ તેના માટે ધોરણો હતા. એવું માની લેવામાં આવ્યું હતું કે વિજ્ઞાન અને બુદ્ધિચાતુર્ય વડે પ્રમાણિક્તાથી, વિશ્વના પ્રશ્નો ઉકેલી દેવામાં આવશે. સત્ય તે માટેનો ઉદ્દેશ હતો. સત્ય પોતે જ પૂરાવો હતો. બધી બાબતો લેખિતમાં બહુ સ્પષ્ટ હતી. વ્યક્તિવાદ અને સ્વકેંદ્રિત ભાવના આધુનિકતાની નબળી બાજુ હતી.

આધુનિકતાવાદ પછી

કારણ નહીં, પણ સાપેક્ષતા નિયમ છે. *"તથ્યો નથી, માત્ર અર્થઘટન છે"*—ફ્રેડરિક નિત્શે. નૈતિક્તા એ સુસંગત બાબત છે. કેવી રીતે જીવવું છે તે અંગેના તમારા નૈતિક ધોરણો (નિયમો) તમે જાતે જ નક્કી કરો. વિચારોની અભિવ્યક્તિ માટે તમે સ્વતંત્ર છો, કોઈ તમને કહી શકે નહિ કે તમે ખોટા છો. વ્યક્તિગત અનુભવો પ્રાયોગિક પૂરવાની તાકાત અને સત્યના ઉદ્દેશને બિનઅસરકારક બનાવે છે. સત્ય સાથે સમાધાન થતું હોય અને સત્ય મરડાતું હોય તો પણ ચૂપ રહેવું એ જાણે કે રીત બની જાય છે. તમને ગમે તેવા ઈશ્વર તમે બનાવો છો.

આપણાં બાળકો અને કિશોરો પડકારજનક વિશ્વમાં ઉછરી રહ્યાં છે. તેઓની પાસે પસંદગી કરવા, જીવનમાં ખુબ જ અગત્યની બાબતો વિષે પણ, જેમ કે માન્યતાઓ, મૂલ્યો, જીવનશૈલી માટે ઘણાં બધાં વિકલ્પો છે.

2
ખ્રિસ્તી ધર્મીઓ મધ્યે બદલાણનો પવન ફૂંકાઈ રહ્યો છે

ભક્તિસભા સંચાલનની પદ્ધતિમાં ફેરફાર

ખ્રિસ્તી ધર્મમાં આપણે ઘણાં બધાં ફેરફારો જોયાં છે. દાખલા તરીકે,ચર્ચ કે જે રંગીન દુધિયાકાંચ અને ઊંચી મોટી ઇમારતોમાંથી, વાતાનુકૂલિત ઓડિટોરિયમમાં, ત્યાંથી કન્વેન્શન સેન્ટરમાં વગેરે વગેરે. જે ગીતો ગાઈએ છીએ તેમાં, આપણે સ્તોત્રોમાંથી સમૂહગીતો સમકાલીન સ્તુતિ આરાધનાના ગીતોમાં પરિવર્તિત થયા છીએ. આપણે ભજનસંગ્રહથી તૈયાર ગીતોની ચોપડીથી ઓવરહેડ પ્રોજેકટર, તેમાંથી એલસીડી પ્રોજેકટર, ત્યાંથી દીવાલ પર એલસીડી વડે મોટા પડદા સુધી પહોંચી ગયા છીએ. ભક્તિસભામાં ખ્રિસ્તી નાટકો, સ્કીટો, સંગીતથી આપણે ખ્રિસ્તી વિડીયો અને ટૂંકી ફિલ્મો સુધી રજૂઆત કરતાં થયા છીએ.

પ્રચારના સંદેશાઓમાં ફેરફાર

હકારાત્મક પાસું જોઈએ તો, ઈશ્વરનાં વચનના જ્ઞાનમાં ઉત્તરોત્તર વધારો થતાં આપણે જોઈએ છીએ. 1400ની સદીમાં માર્ટિન લુથર દ્વારા કરવામાં આવેલ સુધારાથી શરૂઆત કરતાં, અને વિશેષ કરીને છેલ્લા 50 વર્ષોમાં, આપણે ઘણાં બધાં આગળ વધી ગયા છીએ. ઈશ્વરનું વચન જીવનના દરેક તબકાને સુસંગત બનાવવામાં આવી રહ્યું છે. અને છતાં વિશ્વભરની મંડળીઓમાં ભયંકર બાબતો બની રહી છે. પાળકો અને સેવકો, મોટા ટોળાઓને આકર્ષવા અને પકડી રાખવા માટે, આધુનિકતા પછીની માનસિકતા સાથે, સારું લાગે તેવા સંદેશા આપીને, રવિવારની સવારના કહેવાતા પ્રેરણાત્મક ભાષણો વડે ઈશ્વરનાં વચનોને કાલ્પનિક રીતે રજૂ કરે છે. આ રીતે આપવામાં આવતા

સંદેશા, કોઈપણ રીતે બેધારી તરવાર (હિબ્રુઓને પત્ર 4:12), હથોડારૂપી વચન, અગ્નિરૂપી સંદેશો (યર્મિયા 23:29) જરાપણ નથી હોતા તે તો જીવને આનંદ આપતા આત્માને શાંત મસાજ અને સૂવા માટે આરામદાયક પલંગ જેવા જ છે! આ પ્રકારના સંદેશા પાપનો મુકાબલો કરાવતા નથી કે લોકોને પાપની કબૂલાત કરવા પ્રેરણા પણ આપતા નથી. આ પ્રકારના સંદેશા સ્વર્ગ અને નર્કની વાસ્તવિકતા અંગે કોઈ વાત કરતાં નથી. આ એવા સંદેશાઓ નથી કે જેનો તેઓ ઉપદેશ કરશે, નહીં તો સંખ્યા ઓછી થઈ જશે.

સંદેશાની રજૂઆતમાં ફેરફાર

આપણે જે માહિતી યુગમાં છીએ તેમાં, બે બાબતો સહસ્ત્રાબ્દી પેઢી અને સામાન્ય રીતે લોકોની લાક્ષણિકતા ધરાવે છે.

- તેઓ માત્ર સાંભળવા જ માંગતા નથી. તેઓ તેમની બધી ઇન્દ્રિયોને સામેલ કરવા માંગે છે. તેઓને ઉપદેશ જોઈતો નથી પરંતુ તેઓ એક અનુભવ જોવા માંગે છે કે જે પરિવર્તનમાં પરિણમે.

- વ્યંગાત્મક રીતે, વધતી જતી માહિતી અને જ્ઞાન સાથે, આપણે જોઈએ છીએ કે લોકોનો ધ્યાન કેન્દ્રિત કરવાનો સમયગાળો ઘટતો જાય છે!

હકારાત્મક પાસું જોતાં, આપણે સંખ્યામાં વધતી જતી મંડળીઓ અને સેવકોને જોઈએ છીએ કે જેઓ એક રીતે સનાતન સત્ય રજૂ કરે છે જે બધી સમજણને આવરી લે છે અને રૂપાંતરણનો અનુભવ પેદા કરે છે જે રૂપાંતરણમાં પરિણમે છે. આ બાબતમાં ટેક્નોલોજી અને સર્જનાત્મકતા ખૂબ મોટો ભાગ ભજવે છે. આ બધુ જ સારું થઈ રહ્યું છે. અને છતાં, બીજી બાજુ, બાબતને સર્જનાત્મકતાથી રજૂ કરવા પર એટલો બધો ભાર મૂકવામાં આવે છે કે આપણે કેટલાક પ્રાચીન સીમાચિન્હો જેવા કે "પવિત્ર આત્માનું સામર્થ્ય" અને અલૌકિક નિદર્શન સમાન ચમત્કારો, ચિન્હો, આશ્ચર્યો જેવા ઈશ્વરદત્ત અભિગમને ગુમાવી દઈએ છીએ. અંતે આપણે એવી ભક્તિસભા પૂર્ણ કરીએ

છીએ જે હજારો આનંદ પ્રમોદ કરવા આવે છે તેમના જીવને મનોરંજન પૂરું પાડે છે, પરંતુ તેઓને પવિત્ર આત્માના અલૌકિક સામર્થ્ય વડે મળતા રૂપાંતરણ, સાજાપણું, અને આશીર્વાદોથી વંચિત રાખે છે. આપણે ઈશ્વરના દીક્ષિત સેવકો, પ્રબોધકો, પાળકો, શિક્ષકો અને સુવાર્તિકોને આપણું પુલપીટ આપવાને બદલે ઈવેન્ટ મેનેજરો, આનંદ કરાવનારાઓ, સંગીતકારો, નાટ્ય કલાકારોના પ્રભાવમાં આવીને તેમને પુલપીટ આપવાનું જોખમ ઉઠાવીએ છીએ.

3
પ્રાચીન સીમાચિન્હો શું છે?

નીતિવચનો 22:28
તારા પિતૃઓએ જે અસલના સીમા-પથ્થર નક્કી કર્યા છે, તેને ન ખસેડ.

નીતિવચનો 23:10
અસલનાં સીમા-પથ્થરો ન ખસેડ; અને અનાથનાં ખેતરોમાં પ્રવેશ ન કર.

જોન ગિલના સમગ્ર બાઈબલના અધ્યયનના મંતવ્ય મુજબ, "પ્રાચીન સીમાચિન્હો" એ "અસલનાં સીમા-પથ્થર" અથવા "સરહદ" ના સંદર્ભમાં છે, જેના દ્વારા જમીન, મિલકત કે વારસાને અંકિત કરવામાં, બાંધવામાં, નક્કી કરવામાં આવ્યા હતા, પૂર્વજો દ્વારા તેમના પડોસીઓ સાથે કરારથી સ્થાપિત કરવામાં આવ્યા હતા; જેને ખસેડવું એ કાયદાની વિરૂદ્ધનું કામ હતું, જે એવું કરે તેને શાપ આપવામાં આવ્યો હતો, અને તે જમાનામાં આ પ્રકારના કૃત્યને ઘૃણાસ્પદ ગુનો માનવામાં આવતો હતો; રોમન લોકોમાં આ ક્રિયાને એટલી પવિત્ર ગણવામાં આવતી હતી કે તેઓ તે સીમાચિન્હો પર દેવોને સ્થાપિત કરતાં અને તે પરથી તેઓના નામ રાખતા હતા.

પુનર્નિયમ 19:14
જે દેશ યહોવા તારા ઈશ્વર તને વતનને માટે આપે છે, તેમાં જે વતનનો વારસો તને મળે તેમાં તારા પડોશીનું જે બાણ અસલનાં વખતમાં લોકોએ ઠરાવ્યું હોય તે તારે ખસેડવું નહિ.

પુનર્નિયમ 27:17
જે પોતાના પડોશીની જમીનની સરહદનું નિશાન ખસેડે તે શાપિત હો, ત્યારે સર્વ લોકો કહે, 'આમીન'.

હોશિયા 5:10
યહૂદિયાના અમલદારો બાણ ખસેડનારાઓના જેવા છે; હું મારો કોપ પાણીની

જેમ તેઓ પર રેડીશ.

આગેવાનો જાતે જ પ્રાચીન સીમાચિન્હો ખસેડવાના ગુનેગાર હતા અને તેઓએ ઈશ્વરના કોપના ભોગ બનવું પડ્યું. આપણે જ્યારે જાણીએ છીએ કે "પ્રાચીન સીમાચિન્હો" શબ્દ અને અગાઉ દર્શાવેલ બાઈબલના વચનો એ ખરેખર જમીન કે મિલકતની હદ નક્કી કરવાના સંદર્ભમાં લખવામાં આવેલ છે. હું આ બાબતને અધ્યાત્મિક રીતે લઈને તેનો આ પુસ્તકની પૃષ્ઠભૂમિ તરીકે ઉપયોગ કરવા માંગુ છું.

પ્રાચીન સીમાચિન્હો એ અગાઉની પેઢીના લોકો દ્વારા હદ સુનિશ્ચિત કરવા માટે સ્થાપિત કરાયા છે જે સૂચવે છે કે

- ચાલવા માટેના સલામત વિસ્તારો અને ન ચાલવા માટેના પ્રતિબંધિત વિસ્તારો અને
- શક્ય છે કે કોઈ છળકપટ તમને પ્રતિબંધિત વિસ્તારમાં લઈ જાય.

આ બદલાતા વિશ્વમાં, આપણે એ યાદ રાખવું જ પડશે કે પ્રાચીન સીમાચિન્હોને આપણે ખસેડવાના નથી. પવિત્ર સરહદોને આપણે ઓળંગવાની નથી. ઈશ્વર દ્વારા સ્થાપિત પ્રણાલિકાઓને આપણે ત્યજી દેવાની નથી.

ઈશ્વર દ્વારા સ્થાપિત પ્રણાલિકાઓને આપણે ત્યજી દેવાની નથી

એ સત્ય છે કે કેટલીક પ્રણાલિકાઓ માણસો દ્વારા બનાવવામાં આવી છે જે અર્થવિહીન છે કે જેને તોડી નાંખવી જોઈએ, પણ જે પ્રણાલિકાઓ, ઈશ્વર દ્વારા, બાઇબલ આધારિત છે જેની જાળવણી થવી જ જોઈએ. તે પ્રણાલિકાઓને સમયનો પાબંધ નથી.

માનવ નિર્મિત પ્રણાલિકાઓ

માનવ નિર્મિત પ્રણાલિકાઓ તોડી નાખવા માટે આપણને છૂટ છે જે ઈશ્વર સાથેના આપણાં જીવનમાં કોઈ રીતે ફાયદારૂપ નથી.

માનવ નિર્મિત પ્રણાલિકાઓ આપણાં જીવનોમાથી ઈશ્વરના વચનને નષ્ટ કરે છે અને આપણને છળકપટ અને બંધનના માર્ગે દોરે છે.

માર્ક 7:13
અને એમ કરીને તમારા શીખવેલા સંપ્રદાય વડે તમે ઈશ્વરનું વચન રદ કરો છો; અને એવા ઘણા કામો તમે કરો છો.

ક્લોસ્સી 2:8
સાવધાન રહો, રખેને ફિલસૂફીનો ખાલી આડંબર જે ખ્રિસ્ત પ્રમાણે નહિ, પણ માણસોના સંપ્રદાય પ્રમાણે ને જગતનાં તત્વો પ્રમાણે છે, તેથી કોઈ તમને ફસાવે.

ઈશ્વર દ્વારા સ્થાપિત પ્રણાલિકાઓ

જોકે, આપણે એ પણ સમજવું પડશે કે જે પ્રણાલિકાઓ ઈશ્વર દ્વારા સ્થાપિત છે તેને આપણે જાળવી રાખવી પડશે.

કરિંથીઓને પહેલો પત્ર 11:2
વળી તમે સર્વ બાબતોમાં મારું સ્મરણ કરો છો, અને જેમ મેં તમને વિધિઓ સોંપ્યા, તેમ જ તમે તે દ્રઢતાથી પાળ્યા કરો છો, માટે હું તમારાં વખાણ કરું છું.

થેસ્સાલોનિકીઓને બીજો પત્ર 2:15
માટે, ભાઈઓ, દ્રઢ રહો, અને જે શિક્ષણ તમને વચનદ્વારા કે અમારા પત્રદ્વારા મળ્યું છે તેને વળગી રહો.

થેસ્સાલોનિકીઓને બીજો પત્ર 3:6
હવે, ભાઈઓ આપણા પ્રભુ ઇસુ ખ્રિસ્તને નામે અમે તમને આજ્ઞા કરીએ છીએ કે, જે ભાઈ આડો ચાલે છે, અને અમે આપેલા શિક્ષણ પ્રમાણે ચાલતો નથી, તેનાથી તમે અલગ રહો.

સુસંગતતામાં રહેવું

આપણે સ્થાપિત પ્રાચીન સીમાચિન્હોની જાળવણી કરવાની છે, પવિત્ર સરહદોને ઓળંગવાની નથી, અને ઈશ્વર દ્વારા સ્થાપિત પ્રણાલિકાઓને ગુમાવવાની નથી આ બાબતોને બરાબર સમજી

લીધા પછી, આપણે હવે એક રસપ્રદ મુદ્દા પર પહોંચ્યા છીએ તે એ છે કે સુસંગતતા.

નવા વિશ્વમાં બદલાતી સંસ્કૃતિમાં, પ્રાચીન ધરોહરની જાળવણી કરતાં, આપણે સુસંગત કેવી રીતે રહી શકીએ

ખ્રિસ્તી વયસ્કો તરીકે, જેમાં આપણે રહીએ છીએ તે નવા વિશ્વની સંસ્કૃતિ સાથે આપણે સંઘર્ષ કરીએ છીએ. હકીકતમાં ઉમેરો કરતાં જે વિશ્વમાં આપણે ઉછરીને મોટા થયાં તેના વિશ્વદૃષ્ટિ અને સંસ્કૃતિ તદ્દન અલગ જ હતાં, હવે આપણને સમજ નથી પડતી કે બાઈબલના આ વચનોને લાગુ કેવી રીતે કરવા:

- જગતમાં રહીને પણ *"જગતના"* થવાનું નથી (યોહાન 17:14-18) આનો અર્થ શું થાય?
- જગત સાથે સુસંગત રહીને પણ *"જગતનું રૂપ ધારણ"* કરવાનું નથી (રોમનોને પત્ર 12:1,2) એ કેવી રીતે શક્ય બને?
- જગત સાથે જોડાયેલા રહીને જગતની મિત્રતા કરવાની નથી (યાકુબનો પત્ર 4:4) એ કેમ બને?
- રોજેરોજનું જીવન જગતમાં માણીએ અને છતાં પોતાની જાતને સંભાળીએ, કે જેથી જગતને પ્રેમ ન કરી બેસીએ (યોહાનનો પહેલો પત્ર 2:15-17) એ કેવી રીતે કરવું?

આ એ મુદ્દાઓ છે જેની સાથે આપણે સંઘર્ષ કરીએ છીએ.

આપણે જાણીએ છીએ કે આપણે જગતની બહાર રહી શકતા નથી કેમ કે આપણને જગતમાં મોકલવામાં આવ્યા છે. આપણે જે નવા જગતમાં રહીએ છીએ તેની સંસ્કૃતિ સાથે આપણે શું કરીએ છીએ? આપણે કેવી રીતે પ્રત્યુત્તર આપીએ છીએ? જે સંસ્કૃતિથી આપણે એટલા બધા પરિચિત નથી તે નવા જગતની બદલાતી સંસ્કૃતિમાં કે જ્યાં આપણાં બાળકો ઉછરી રહ્યા છે તેઓને આપણે શું શિક્ષણ આપીએ છીએ?

- જો આપણે નવા અને બદલાતા વિશ્વની સંસ્કૃતિથી અળગા થઈ જઈએ તો, આપણે તેને પ્રભાવિત કરી શકીશું નહિ, સુધારી શકીશું નહિ અને તેનું બદલાણ કરી શકીશું નહિ.
- જો નવા વિશ્વની સંસ્કૃતિને આપણે પૂર્ણપણે અપનાવી લઈએ તો, તેમાં જે ખામીઓ છે તેને આપણે બદલી શકીશું નહિ.
- નવા વિશ્વની બદલાતી સંસ્કૃતિને આપણે સમજવી પડશે, તેનું અન્વેષણ કરવું પડશે અને તેમાં આપણાં સમય અને શક્તિનું રોકાણ કરીને આપણી સંસ્કૃતિના સિદ્ધાંતો અને સમકાલીન સત્યોને સમજાવીને સ્થાપિત કરવા પડશે.

કોઈ સંસ્કૃતિ સારી કે ખરાબ નથી હોતી. પરંતુ દરેક સંસ્કૃતિમાં જે સારા અને ખરાબ તત્વો છે તેને સમજવા પડશે અને તેની સાથે ડહાપણથી કાર્ય કરવું પડશે. અત્રે પાઉલ ઈશ્વરના હૃદયની વાતચીતને કહેતા જણાવે છે કે.

કરિંથીઓને પહેલો પત્ર 9:19-23

19 કેમ કે સર્વથી સ્વતંત્ર છતાં, ઘણા માણસોને [મંડળીમાં] લાવવા સારૂ, હું મારી જાતે સર્વનો દાસ થયો.

20 યહૂદીઓને મેળવવા હું યહૂદીઓની સાથે યહૂદી જેવો થયો; હું પોતે નિયમાધીન ન છતાં, નિયમાધિનોને લાવવા માટે નિયમાધિનોની સાથે નિયમાધીન જેવો થયો;

21 નિયમરહિતોને લાવવા માટે નિયમરહિત જેવો થયો; ઈશ્વર વિષે નિયમરહિત તો નહિ ખ્રિસ્ત વિષે નિયમસહિત.

22 નિર્બળોને લાવવા માટે નિર્બળોની સાથે હું નિર્બળ જેવો થયો. હરકોઈ રીતે કેટલાકને તારવા માટે હું સર્વની સાથે સર્વના જેવો થયો.

23 હું [મારૂ સાંભળનારાઓનો] તેમાં સહભાગી થાઉં, એ માટે હું સુવાર્તાની ખાતર સર્વ કરું છું.

કરિંથીઓને પહેલો પત્રના 9 માં અધ્યાયમાં જે લખવામાં આવ્યું છે તે ખુબ જ અગત્યનો ભાગ છે જે આપણને શીખવે છે કે આપણે આપણાં લક્ષ્ય સમુહ સાથે કેવી રીતે કાર્ય કરવું—દરેક માણસની સાથે તેના જેવુ બનવું. જેઓની સાથે આપણે સેવા કરીએ છીએ તેઓના જેવુ પણ બનવાનું છે. જો આમ કરવું

પાઉલને જરૂરી લાગ્યું તો હું ખાતરીપૂર્વક કહીશ કે આપણે પણ તેમ કરવું જોઈએ!

કરિંથીઓને પહેલો પત્ર 10:32,33
32 તમે યહૂદીઓને કે ગ્રીકોને કે ઈશ્વરની મંડળીને ઠોકર ખાવાના કારણરૂપ ન થાઓ;
33 તેઓ તારણ પામે માટે જેમ હું પણ સર્વ વાતે સર્વને રાજી રાખીને મારૂ પોતાનું નહિ, પણ ઘણાનું હિત જોઉન છું, તેમ જ [તમે કરો].

કરિંથીઓને પહેલો પત્ર 10:32,33 ને પ્રેરિત પાઉલ અગાઉ કરિંથીઓને પહેલો પત્ર 9:19-23 માં જે ચર્ચા કરે છે તેની સાથેના પ્રકાશમાં સમજવું પડશે. પાઉલ દરેક વ્યક્તિને દરેક બાબતમાં રાજી રાખવા માટે જે કારણ આપે છે તે તેના પોતાના ફાયદા માટે તે નથી કરતો પણ તેઓને ખ્રિસ્તના વિશ્વાસમાં લાવવા માટે તે આમ કરે છે.

સંસ્કૃતિનો ઉપયોગ કરીને જે સમકાલીન છે તેને કહેવું એ જ સુસંગતતા. આપણે ચોક્કસ સંસ્કૃતિનો ઉપયોગ કરીને જે સમકાલીન છે તેને કહેવું જોઈએ — રેજી જોઇનર, ફેમિલી વાઈઝના સ્થાપક.

વિશ્વ બદલાઈ રહ્યું છે. ગઇકાલે જે થઈ શકતું હતું, તે આજે કદાચ ન થઈ શકે! આપણે નવા વિશ્વને સ્વીકારવું પડશે. નવા વિશ્વના જે ચિન્હો, નિશાનીઓ અને ભાષા છે તેનો ઉપયોગ કરીને આપણે સનાતન સત્યને રજૂ કરવું પડશે. અને છતાં પણ તેમ કરવામાં ખતરો રહેલો છે, કે જેનાથી આપણે સાવચેત રહેવાનુ છે. સંસ્કૃતિમાથી ગમે તેમ કોઈ બાબતને ઉઠાવીને આપણે સનાતન સત્યને રજૂ ન કરી શકીએ. નવા વિશ્વની સંસ્કૃતિને ઉપયોગમાં લેવા, વ્યસ્ત કરવા કે તેમાં રોકાણ કરવાના આપણાં પ્રયત્નોમાં આપણે પ્રાચીન સીમાચિન્હો સાથે કોઈ સમાધાન કરી શકીએ નહિ.

4
આપણાં પ્રાચીન સીમાચિન્હો

જીવનના કેટલાક અગત્યના ક્ષેત્રોમાં પરિવર્તનનો જે પવન ફૂંકાઈ રહ્યો છે તે અને આ ક્ષેત્રોમાં જે પ્રાચીન સીમાચિન્હો આપણને યાદ દેવડાવે છે તે વિષે હું કેટલાક મુદ્દાઓ પર વાત કરવા માંગુ છું.

- અંગત જીવન અને ચારિત્ર
- લગ્ન અને કુટુંબ
- કાર્યસ્થળ
- મંડળી મધ્યેનું જીવન અને
- સેવા

કેટલાક પવન એ પ્રકારના ફૂંકાઈ છે, કે જેમાં આપણે આપણા સઢને અનુકૂળ કરવાની જરૂર છે અને પવન આપણને જ્યાં લઈ જાય ત્યાં જવાનું છે, જો એમ ન કરીએ તો આપણે પાછળ છૂટી જઈશું અને નવા વિશ્વથી વિખૂટા પડી જઈશું. અને પરિવર્તનના કેટલાક પવન એવી દિશામાં ફૂંકાઈ છે જે આપણને પવિત્ર સરહદો પાર કરવા અને ઈશ્વરની સ્થાપિત પ્રણાલિકાઓ ગુમાવી દેવા મજબૂર કરે છે. પ્રાચીન સીમાચિન્હોનો ઉપયોગ કરીને, તોફાનમાં પણ લંગર નાખીને આપણે પરિવર્તનના આ પવનથી કેમ બચી જવું તે શીખવું પડશે.

આ પુસ્તકમાં જીવનના બધા જ ક્ષેત્રો અને પરિવર્તનના બધા ક્ષેત્રોની ચર્ચા કરું એવો મારો કોઈ ઉદ્દેશ નથી. મારો ઉદ્દેશ માત્ર એટલો જ છે કે પરિવર્તનના અલગ અલગ મંતવ્યો જે અત્યારે છે અને આવનાર વર્ષોમાં જોવા મળશે તેનો સામનો કેવી રીતે કરવો તે માટે હું પૂરતી સમજણ અને જ્ઞાનની વહેંચણી કરી શકું. હું ઈચ્છું છું કે આપણે પ્રાચીન સીમાચિન્હોની સરહદમાં

જ રહીએ અને પવિત્ર હદ ઓળંગીને ઈશ્વરની પ્રણાલિકાઓ ગુમાવીએ નહિ.

હું અહીં એટલું જ નથી ઇચ્છતો કે આપણાંમાં પરીવર્તનને યોગ્ય પતિભાવ આપવાની કુશળતા હોય પણ આ પ્રાચીન સીમાચિન્હોને લઈને વિશ્વમાં આગળ વધવા માટેનો પડકાર આપવાની પણ મારી ઈચ્છા છે કે જેથી વિશ્વના એ ચોક્કસ ક્ષેત્રો જે પરિવર્તનના પવનને કારણે વિખેરાઈ રહ્યા છે તેને આપણે રૂપાંતરિત કરી શકીએ. પ્રાચીન સીમાચિન્હો, પવિત્ર સરહદો, ઈશ્વર દ્વારા સ્થાપિત પ્રણાલિકાઓ સાથે જે લોકો વ્યવસાય, સરકાર, શિક્ષણ, રમતગમત, મીડિયા, મનોરંજન, ફેશન, અને બીજા ઘણા બધા ક્ષેત્રોમાં જીવી રહ્યા તેઓ વિષે કલ્પના કરો. ચોક્કસ આપણે જગત માટે મીઠું અને પ્રકાશ બનીશું!

મારૂ તેડું ખુબ જ સરળ છે—**બાઇબલ સાથે જોડાયેલા રહો.** બાઇબલ જ આપણું પ્રાચીન સીમાચિન્હ છે!

સત્ય સુસંગત નથી. સત્ય સંપૂર્ણ છે. **ઈશ્વરનું** વચન સત્ય છે (યોહાન 17:17). ઈશ્વરે આપણને જે સૂચનાઓ આપી છે તે સુસંગત નથી. તે પણ સંપૂર્ણ છે. ઈશ્વરની સમજણ અંગે આપણે અભિપ્રાય આપવાનો નથી. ઈશ્વર જે સમજ્યા તે તેઓએ કહ્યું અને ઈશ્વરે જે કહ્યું તે તેઓ સમજ્યા. ઈશ્વરે જે કહ્યું તેનું આપણે અનુસરણ કરવાનું છે.

અંગત જીવન અને ચરિત્ર માટે પ્રાચીન સીમાચિન્હો

પવિત્રતા

પિતરનો પહેલો પત્ર 1:14-16

14 આજ્ઞાંકિત છોકરાં જેવા થાઓ, અને તમારી પૂર્વની અજ્ઞાન અવસ્થામાં
રાખેલી દુર્વાસનાની રૂએ ન વર્તો;
15 પણ જેણે તમને તેડયા છે, તે જેવો પવિત્ર છે તેવા તમે પણ સર્વ પ્રકારના
આચરણમાં પવિત્ર થાઓ;
16 કેમ કે લખેલું છે કે, હું પવિત્ર છું, માટે તમે પવિત્ર થાઓ.

હિબ્રૂઓને પત્ર 12:14
સર્વની સાથે શાંતિથી વર્તો, અને પવિત્રતા કે જેના વગર કોઈ માણસ પ્રભુને જોશે નહિ તેને ધોરણે તમે ચાલો.

પવિત્ર થવું એટલે "ઈશ્વર માટે અલગ થવું". એનો અર્થ એવો થાય કે હું ઈશ્વરનો છું. તેથી, હું જે કઇં કરું કે કહું તેમાં ઈશ્વરને રજૂ કરવા પડે, તે ઈશ્વરીય હોવું જોઈએ અને ઈશ્વરભક્તિને પ્રગટ કરતાં હોવા જોઈએ.

આપણે જે કહીએ, કરીએ, પહેરીએ વિગેરેનો ઈશ્વરીય માપદંડોથી આપણે ન્યાય કરવો પડશે. અને છતાં પણ, પવિત્રતાના આપણાં એ માપદંડને કારણે આપણે એવા લોકો કે જેઓ આ માપદંડ ધરાવતા નથી તેઓથી અળગા થવાનું નથી. આપણે તેઓથી પ્રભાવિત થયાં વિના તેઓની સાથે સુસંગત થવાની જરૂર છે.

યાદ કરો કે ઈસુ કર ઉઘરાવનારાઓ અને પાપીઓની સાથે અત્યંત સહજતાથી બેસતા અને ખાતા હતાં (માથ્થી 9:11). આનો અર્થ એવો કરી શકાય કે હું અમુક માત્રામાં, તેઓના જેવો પહેરવેશ ધારણ કરી શકું, તેઓની જેમ સુગંધ પારખી શકું, તેઓના સરખો દેખાઈ શકું અને છતાં ઈશ્વર સમક્ષ હું પવિત્રતાના મારા અંગત માપદંડને ગુમાવતો નથી.

ભલે આપણે વિશ્વના કોઈપણ ખૂણામાં વસવાટ કરતાં હોઈએ કે કોઈપણ સંસ્કૃતિને અનુસરતા હોઈએ પણ પવિત્રતા એ પ્રાચીન સીમાચિન્હ છે!

પવિત્રતા અંગેના ઈશ્વર નાં માપદંડો સંપૂર્ણ છે. તે માપદંડો તેના બધા જ બાળકો માટે સમાન છે, ભલે પછી આપણે વિશ્વના કોઈપણ ખૂણામાં વસવાટ કરતાં હોઈએ કે કોઈપણ સંસ્કૃતિને અનુસરતા હોઈએ. વિશ્વાસીઓ તરીકે, આપણે આપણી જાતે આપણાં માટે નૈતિક ધોરણોને વ્યાખ્યાયિત કરી શકીએ નહિ. તે તો ઈશ્વરનાં વચનમાં આપણે માટે લખી દેવામાં આવ્યા છે.

આધુનિકતા પછી નૈતિક સુસંગતતા વિષે મંડળીમાં જે ખુશામત ચાલે તેનાથી આપણે સાવચેત રહેવું પડશે, મુદ્દાની વાત કરીએ તો કેટલાક પ્રબોધ કરે છે અને શિક્ષણ આપે છે કે અમે અમારા નૈતિક માપદંડો તૈયાર કર્યાં છે જે વિવિધ સંસ્કૃતિ માટે વિવિધ છે. આમ કરવું શક્ય નથી! વિશ્વના કોઈપણ ભાગમાં એ જ સમાન બાઇબલ વંચાય છે અને ઈશ્વર પોતાના લોકોને એક જ સમાન વચનો કહે છે!

સ્ત્રીઓ, કૃપા કરી ધ્યાન રાખો કે તમારો પહેરવેશ બે બાબતોને પ્રદર્શિત કરતી હોય—નમ્રતા અને ધર્મનિષ્ઠા.

તિમોથીને પહેલો પત્ર 2:9,10

9 એમ જ સ્ત્રીઓ પણ મર્યાદા તથા ગાંભીર્ય રાખીને શોભતાં વસ્ત્રથી પોતાને શણગારે; ગૂંથેલા વાળથી તથા સોના કે મોતી[ના અલંકાર]થી કે, કિંમતી પોશાકથી નહિ;

10 પણ ઈશ્વરની ભક્તિમાં નિમગ્ન રહેનારી સ્ત્રીઓને શોભે એવી રીતે, એટલે સારાં કામથી [પોતાને શણગારે].

મને ખ્યાલ છે કે કોઈ દલીલ કરશે કે વિવિધ સંસ્કૃતિમાં પહેરવેશમાં નમ્રતાને વિવિધ રીતે દર્શાવવમાં આવે છે. તેઓ દલીલ કરશે કે કોઈ એક સમાજમાં જે પહેરવેશ અનૈતિક છે તે જ પહેરવેશ બીજી કોઈ સંસ્કૃતિમાં સંપૂર્ણપણે યોગ્ય હોઈ શકે છે. મારો પ્રત્યુત્તર બેધારી હશે. પ્રથમ, શાસ્ત્રમાં સ્ત્રીઓને કહેવામા આવ્યું છે કે તેઓ સુંદરતા પ્રતિ ધ્યાન આપીને *"અંત:કરણમાંના ગુપ્ત મનુષ્યત્વ"* ને પ્રદર્શિત કરે (પિતરનો પહેલો પત્ર 3:4અ) જે ઈશ્વરની દ્રષ્ટિમાં મૂલ્યવાન છે. જેથી સંસ્કૃતિ ભલે કોઈપણ હોય, પણ વિશ્વાસી સ્ત્રીઓએ આ પ્રકારે ધ્યાન કેન્દ્રિત કરવાનું છે. બીજું, તમે જે કોઈપણ સંસ્કૃતિમાં રહો છો તે સંસ્કૃતિ મુજબ પહેરવેશ અંગે નૈતિકતા ધારણ કરો.

પ્રામાણિકતા

નીતિવચનો 10:9

પ્રામાણિકતાથી ચાલનાર મક્કમ પગલે ચાલે છે; પણ અવળે રસ્તે ચાલનાર તો જણાઈ આવશે.

આપણાં જીવનના કોઈપણ ક્ષેત્રમાં આપણે નીતિમત્તા અને પ્રામાણિક્તા સાથે સમાધાન કરી શકીએ નહિ. સંજોગો કે પરિસ્થિતી ભલે ગમે તેટલું દબાણ કરે, પણ આ એક સરહદ છે જે આપણે ઓળંગવી નહિ.

સખત મહેનત

નીતિવચનો 10:4

ગાફેલ હાથથી કામ કરનાર દરિદ્રી થાય છે; પણ ઉદ્યોગીનો હાથ તેને ધનવાન બનાવે છે.

આપણે ક્યારેક બીજા લોકોની ત્વરિત સફળતાથી મોહિત થઈ જઈએ છીએ. માર્ક ઝૂકરબર્ગ, હાવર્ડ યુનિ.નો અભ્યાસ અધૂરો છોડી દેનાર 23 વર્ષનો યુવાન, ફેસબૂકનો સ્થાપક, બીજી વેબ ક્રાંતિના સિતારા તરીકે પ્રખ્યાત, આ પુસ્તક લખાઈ રહ્યું છે ત્યારે 15 મિલિયન કરતાં વધુની સંપતિનો માલિક છે. માત્ર એક સારા વ્યવસાયનો વિચાર અને ચાર જ વર્ષમાં, આ યુવાને ત્વરિત સફળતાનો અનુભવ કર્યો છે!

ત્વરિત સફળતાની વાર્તાઓ જોવાથી અને સાંભળવાથી ક્યારેક આપણે પૈસા કમાવાના સરળ રસ્તાઓ શોધવાની લ્હાયમાં ડૂબી જવાની સ્થિતિમાં આવી જઈએ છીએ. સખત મહેનત કોઈ રીતે જાણે કે સુસંગત દેખાતી નથી. પરંતુ, "પ્રાચીન સીમાચિન્હો" કહે છે કે જો તમારા હાથ ગાફેલ છે તો તમે ગરીબ બનશો. જેઓ ખંતથી મહેનત કરે છે તેઓ સફળતા પામે છે.

શું તમે જાણો છો કે વિપ્રોના ચેરમેન, અઝીમ પ્રેમજી વિષે એવું કહેવાય છે કે તેઓ સપ્તાહના આશરે 80 કલાક કામ કરે છે? જો કોઈ તેમની સાથે કામ કરવા ઈચ્છે તો, અઝીમ પ્રેમજીનો પહેલો સવાલ હોય છે, "તમે સપ્તાહના કેટલા કલાક કામ કરવાની તૈયારી રાખો છો?" જે કોઈ તેમની ટીમ સાથે પ્રત્યક્ષ રીતે કામ માગતું હોય તેણે સપ્તાહના 60 થી 70 કલાક કામ કરવાની તૈયારી રાખવી પડે. હું આપણાંમાના કોઈને અતિ વધુ પડતું કામ કરવા અને કામને જ પ્રાધાન્ય આપવા ઉત્તેજન

નથી આપતો, પણ આપણે સમજવું પડશે કે સફળતા સસ્તી નથી!

પ્રાથમિકતાઓ

જે વિશ્વમાં આપણે જીવીએ છીએ તેમાં એવી વિચારધારા છે કે બધુ જ સુસંગત છે અને અર્થઘટનને આધીન છે તેમાં આપણી પ્રાથમિકતાઓ સામે સતત પડકારો રહેલા છે.

માર્ક 12:29-31 અને માથ્થી 6:33 માં વાંચીએ છીએ કે પ્રાથમિકતાઓ માટેના સીમાચિન્હો આપેલા છે જેને આપણે જાળવી રાખવાના છે.

માર્ક 12:29-31

29 ઇસુએ ઉત્તર આપ્યો કે, "પહેલી એ છે કે, ઓ ઇઝરાયલ, સંભાળ; પ્રભુ આપણો ઈશ્વર તે પ્રભુ એક જ છે;
30 અને તારા પૂરા હૃદયથી, ને તારા પૂરા જીવથી, ને તારી પૂરી બુદ્ધિથી, ને તારા પૂરા સામર્થ્યથી, પ્રભુ તારા ઈશ્વર પર તું પ્રેમ કર.
31 અને બીજી એ છે કે જેમ તું પોતાના પર પ્રેમ કરે છે તેમ તારા પડોશી પર પ્રેમ કર. તેઓ કરતાં બીજી કોઈ મોટી આજ્ઞા નથી."

માથ્થી 6:33

પણ તમે પહેલા તેના રાજ્યને તથા તેના ન્યાયીપણાને શોધો, એટલે એ બધાં વાનાં પણ તમને અપાશે.

વિશ્વાસીઓ તરીકે આપણાં માટે, આપણી અંગત સગવડતાઓ, ઈચ્છાઓ, મહત્વકાંક્ષાઓ વિગેરેની ઉપર ઈશ્વર પ્રત્યેનો આપણો પ્રેમ અને તેના રાજ્યને પામવાની ધગશ જ પ્રાથમિક્તા હોવી જોઈએ.

જગતમાં માણસની યોગ્યતા તેની પાસે કેટલું દ્રવ્ય છે તેને આધારે નક્કી થાય છે, પણ આપણે સમજીએ છીએ કે આપણી પાસે કેટલું છે તેના કરતાં આપણે કોણ છીએ તે અગત્યનું છે!

લૂક 12:15

તેમણે તેઓને કહ્યું કે, સાવધાન રહો, અને સર્વ [પ્રકારના] લોભથી દૂર રહો,

કેમ કે કોઈનું જીવન તેની પુષ્કળ મિલકતમાં રહેલું નથી.

સાક્ષી

આપણે હંમેશા આપણી સાક્ષી જાળવી રાખવી જરૂરી છે. આપણાં કાર્યો, આપણો અભિગમ, આપણું વર્તન-આપણી આસપાસના લોકો સાથેની વાતચીત, જ્યારે આપણે કશું પણ બોલતા ન હોઈએ ત્યારે, એ જ આપણી સાક્ષી છે. આપણી સાક્ષીને જાળવી રાખવા શક્ય તમામ પ્રયત્નો આપણે કરવા પડશે—એવું જીવન કે જેમાં કોઈ આંગળી ચીંધી શકે નહિ. આપણે એ રીતે જીવવું પડશે કે જેને આપણે અનુસરીએ છીએ તેને પ્રગટ કરીએ (પિતરનો પહેલો પત્ર 2:9)

લગ્ન અને કુટુંબ માટેના સીમાચિન્હો

લગ્ન

હિબ્રૂઓને પત્ર 13:4

સર્વમાં લગ્ન માનયોગ્ય ગણાય, અને બિછાનું નિર્મળ રહે; કેમ કે ઈશ્વર લંપટોનો તથા વ્યભિચારીઓનો ન્યાય કરશે.

વિશ્વાસીઓ તરીકે આપણે જાણીએ છીએ કે લગ્ન એ ઈશ્વર દ્વારા સ્થાપિત સંસ્કાર છે. તે જીવનપર્યંતનો કરાર છે. આ એક પ્રાચીન સીમાચિન્હ છે જેને આપણે ગુમાવવાનું નથી. જેઓ પ્રેમ સબંધમાં છે (ડેટિંગ કરે છે) તેઓ ધ્યાન રાખે જ્યાં સુધી લગ્ન ન થાય ત્યાં સુધી તમે લગ્નમાં જોડાયેલા નથી. લગ્નના કરાર દ્વારા લગ્નની જવાબદારીમાં પ્રવેશ્યા વિના, તમે લગ્નના ફાયદા ઉઠાવી ન શકો. જેઓ લગ્નગ્રંથિથી જોડાયેલા છે તેઓ યાદ રાખજો કે તમારું લગ્ન માત્ર તમે બે પાત્રો માટે જ રચવામાં આવ્યું છે અને તમારે એકબીજાને વફાદાર રહેવાનુ છે. તમારા લગ્ન સબંધના એ આંતરિક વર્તુળને જાળવી રાખો.

કુટુંબ

કુટુંબ એ ઈશ્વરની રચના છે. પોતાના કુટુંબની સેવા (કાળજી) કરવી એ ઈશ્વર દ્વારા આપવામાં આવતી અન્ય સેવાઓ (પ્રબોધ

કરવો, શિક્ષણ આપવું, ચમત્કારો કરવા) પ્રમાણેની જ એક સેવા છે. તેથી, પોતાના કુટુંબની સેવા કરવી એ એક પ્રકારે પ્રાચીન સીમાચિન્હ છે જેને આપણે ત્યજી દેવાનું નથી. આપણે આપણાં કુટુંબમાં સમય અને શક્તિના રોકાણને પ્રાથમિકતા આપવાની છે.

આપણે મોટા સમુહ (મંડળી)માં વિશ્વાસ કરીએ છીએ કે વિશ્વાસીઓ તરીકે આપણે આ સમુહ (સ્થાનિક મંડળી)નો હિસ્સો છીએ કે જેને ઈશ્વરે જ સ્થાપિત કરી છે, ત્યારે આપણે ખાસ સાવચેતી રાખવાની છે કુટુંબના ભોગે તેની મર્યાદા ક્યાં પૂરી થાય છે. આપણે આપણાં કુટુંબને મંડળીમાં વિખેરાઈ જવા દઈ શકીએ નહિ.

માતાપિતાનું સન્માન

નીતિવચનો 1:8,9

8 મારા દીકરા, તારા પિતાની શિખામણ સંભાળ, અને તારી માનું શિક્ષણ તજીશ નહિ.

9 કેમ કે તે તારે માથે શોભાયમાન મુગટરૂપ, તથા તારા ગળાના હારરૂપ થશે.

માતપિતાનું સન્માન કરવું, તેઓને માન આપવું અને તેમની સેવા કરવી, એ કદાચ જૂની ફેશન જેવુ લાગે. વિશ્વાસીઓ તરીકે આપણને ઈશ્વરના વચનમાં માતપિતાનું સન્માન રાખવાની સૂચના આપવામાં આવી છે (એફેસીઓને પત્ર 6:1-3). આ ઈશ્વર દ્વારા સ્થાપિત પ્રણાલિકા છે જેને આપણે કોઈ રીતે નાબુદ કરી શકીએ નહિ.

5
કાર્યસ્થળ માટેના પ્રાચીન સીમાચિન્હો

અગાઉ આપણે અંગત જીવન અને ચરિત્ર માટેના સીમાચિન્હોની ચર્ચા કરી તે જ કાર્યસ્થળ માટે પણ લાગુ પડે છે. આ સીમાચિન્હોને તમારા વ્યવસાયિક જીવન અને જગતમાં લઈને ચાલો. નવા વિશ્વની સંસ્કૃતિને આ પ્રાચીન સીમાચિન્હો સાથે સમાધાન કરવાનું કારણ બનવા દેશો નહિ.

સ્વતંત્રતા

આજે, આપણે આપણાં કાર્યસ્થળોમાં એ દરેક પ્રકારની પદ્ધતિઓ અને નામકરણનો ઉપયોગ કરીએ છીએ કે જેથી કર્માચારીઓ પોતાને એક "કર્મચારી" નહિ પણ સંસ્થાનો એક ભાગ સમજે. આપણે ઈચ્છીએ છીએ કે લોકો સ્વતંત્ર રીતે કાર્ય કરીને અસરકારતા બતાવે. અને ઘણીવાર, કર્મચારીઓ સ્વતંત્રતાનો ખોટો અર્થ શિસ્તનો અભાવ સમજે છે.

સ્વતંત્રતા એ કોઈપણ ભોગે શિસ્તનો અભાવ નથી. સ્વતંત્રતા એ જવાબદારીનો અભાવ પણ નથી. સ્વતંત્રતાનો અર્થ એવો નથી કે તમે જાતે જ ઓફિસે ક્યારે આવવું અને કયારે જવું તેનો સમય નક્કી કરો, તમારું મહેનતાણું તમે જાતે જ નક્કી કરો, તમારો અંગત ખર્ચ ગમે તેટલો હોય જેનું બિલ કંપની ભરે, તમારે કઈ હોટેલમાં રોકાવું વિગેરે—આ પ્રકારની બાબતો કાર્યસ્થળે કોઈપણ પ્રકારે સ્વતંત્રતા કહેવાય નહિ. આ બાબતો માટે કોઈપણ સારી સંસ્થામાં માર્ગદર્શિકા અને મર્યાદાઓ હોવી જોઈએ, નહિ તો અવ્યવસ્થા સર્જાય. કાર્યસ્થળે સાચી સ્વતંત્રતા એને કહેવાય કે જેના દ્વારા તમે તમારી કુશળતાઓનો ભરપૂરીપણામાં ઉપયોગ કરીને, કોઈપણ પ્રકારની બિનજરૂરી દખલ અને રૂકાવટ વિના તમારી સંસ્થા માટે વધુ સારું કાર્ય કરો. સર્જનાત્મક વિચારો રજૂ કરવા, લક્ષ્યાંકો સ્થાપિત કરવા,

અને લક્ષ્યાંકોને સિદ્ધ કરવા માટે દ્રઢતા સુનિશ્ચિત કરવી જેવી બાબતોનો અર્થ સ્વતંત્રતા તરીકે થાય છે.

એફેસીઓને પત્ર 6:7
માણસોની ચકરી નહિ, પણ જાણે તે પ્રભુની હોય તેમ સમજીને ખુશીથી કરો.

નૈતિક સુસંગતતા અને પરિસ્થિતીગત નીતિશાસ્ત્ર

આધુનિકવાદ પછીનું વિશ્વદૃષ્ટિ નૈતિક સુસંગતતા અને પરિસ્થિતીગત નીતિશાસ્ત્રમાં વિશ્વાસ કરે છે કે જેમાં કાર્યસ્થળે ધંધાકીય અને અંગત મૂલ્યોને પડકારજનક સ્થિતિનો સામનો કરવો પડે છે. સાચું અને ખોટું, કાળું અને સફેદ એ બધુ ભૂખરા રંગમાં વિખેરાઈ ગયું છે. ત્વરિત સફળતા, મોટો નફો અને સારા સબંધો માટે મૂલ્યો, નીતિ, પ્રામાણિક્તા વિગેરે સાથે સમાધાન થઈ રહ્યું છે.

પ્રાચીન સીમાચિન્હો હજી કહે છે,

નીતિવચનો 10:9
પ્રામાણિકપણાથી ચાલનાર મક્કમ પગલે ચાલે છે; પણ અવળે રસ્તે ચનાર તો જણાઈ આવશે.

વ્યવસાયિકો, આપણે આપણાં વિશ્વને પ્રભાવિત કરવાનું છે તેનાથી પ્રભાવિત થવાનું નથી. હું તમને પડકાર આપવા માંગુ છું. માત્ર જીવવા ખાતર ન જીવશો; કઇંક ફરક પાડો!

મંડળીકીય જીવન માટેના પ્રાચીન સીમાચિન્હો

સંગીત

સમકાલીન સંગીત ખોટું નથી. સારા સંગીત સાથે ઈશ્વરની આરાધના થાય કે જેના દ્વારા જુવાનો અને નવી પેઢી આકર્ષાય એ મોટી બાબત છે. અને છતાં આપણે સાવચેત રહેવાનુ છે કે આરાધનામાં સંગીત હાવી થઈ જાય અને ઈશ્વરનો અનુભવ નહિવત થઈ જાય.

પુનર્નિયમ 31:19
તો હવે તમે આ ગીત પોતાને માટે લખી લો, ને તું તે ઇઝરાયેલી લોકોને શીખવ. તેઓને તે મોંઢે કરાવ કે આ ગીત ઇઝરાયેલી લોકોની વિરુદ્ધ મારે માટે સાક્ષીરૂપ થાય.

ગીતો લખાય એવું ઈશ્વર ઇચ્છતા હતા એનું એક કારણ એ હતું કે આ ગીતો પોતાના લોકોને શીખવવામાં આવે અને તેઓનાં મોંઢામાં મૂકવામાં આવે કે જેથી તેઓ ઈશ્વરને અને ઈશ્વરના તેમના માટેના કાર્યને સતત યાદ રાખે. આપણે આ સીમાચિન્હ દ્વારા સમકાલીન ગીતોની સમીક્ષા કરવાની જરૂર છે. સમકાલીન ગીતો શું ઈશ્વરના હેતુને સિદ્ધ કરવામાં મદદરૂપ છે?

વિશ્વાસના એ જૂના ભવ્ય ગીતોને પણ આપણે નકારવાના નથી. એ જૂના ગીતો ઈશ્વરવિદ્યા અને વિશ્વાસની અભિવ્યક્તિથી ભરપૂર છે.

એફેસીઓને પત્ર 5:19
ગીતોથી, સ્તોત્રોથી તથા આત્મિક ગાનોથી એકબીજાની સાથે વાતો કરીને તમારાં હૃદયોમાં પ્રભુનાં ગાયનો તથા ભજનો ગાઓ.

ગીતો, સ્તોત્રો, ભજનો, અને આત્મિક ગાયનો, આ દરેકની પ્રભુની આરાધના કરવા માટે આપણને જરૂર છે!

શિસ્ત

આજના મોટાભાગના પાળકો "ઘેટાંપાળકની લાકડી"(shepherd's rod) નો ઉપયોગ કરવાથી ગભરાઈ છે. દરેક ઘેટાંપાળક પોતાના ઘેટાંને કેવળ લીલાં બીડ અને શાંત પાણીનાં ઝરા પાસે દોરી જાય એટલું જ નહીં, પણ તેઓને ઘેટાંને દોરવા અને તેઓનું રક્ષણ કરવા માટે લાકડી અને છડીની પણ જરૂર છે.

જેઓ બીમારીમાં છેલ્લા શ્વાસ લઈ રહ્યા હોય તેવા લોકો માટે વૈદકીય ભાષામાં "ઉપશામક કાળજી" એવો શબ્દ વાપરવામાં આવે છે. આની પાછળનો વિચાર એવો છે તેમના અંતિમ દિવસોમાં તેઓને શક્ય એટલી સુખદાયક સગવડ પૂરી

પાડવી. જેઓ શારિરીક વેદના ભોગવી રહ્યા છે તેઓ માટે આ વિચાર ઉત્તમ છે. જેઓ પાપમાં વેદના ભોગવી રહ્યા છે અને ઈશ્વરની કૃપા ઘટતી જઈ રહી છે તેઓને માટે મંડળી આ પ્રકારની "ઉપશામક કાળજી"ની વ્યવસ્થા કરી શકતી નથી (હિબ્રૂઓને પત્ર 12:15). આ પૃથ્વી પર એવા લોકો માટે આપણે કદાચ આ પ્રકારની વ્યવસ્થા કરીએ તો પણ તેનો કોઈ મતલબ નથી કેમ કે આખરે તો તેઓએ સદાને માટે નરકમાં જ જવાનું છે. તેને બદલે હું તેઓને ચપ્પુ આપીને મદદ કરીશ કે તેઓ પોતાની જમણી આંખ કે ડાબો હાથ "કાપી નાખે" જે તેઓને પાપ કરવા પ્રેરે છે (માથ્થી 5:29,30). મંડળી તમને એવા સાચા ઘેટાંપાળક બનવામાં તમારા પાદરીને મંજૂરી આપો. જેઓ પોતાની લાકડી અને છડીનો ઉપયોગ કરે. એ સિવાય ઘેટાંપાળક પોતાના ઘેટાંને દોરી શકશે નહિ, સુધારી શકશે નહિ અને સાચવી શકશે પણ નહિ.

કરિંથીઓને પહેલો પત્ર 4:21
તમારી શી ઈચ્છા છે? હું તમારી પાસે સોટી લઈને આવું કે, પ્રેમથી તથા નમ્રતાથી આવું?

આપણે ભરપૂર કૃપામાં વિશ્વાસ કરીએ છીએ, પણ આપણે ઈશ્વરની શિસ્તમાં પણ એટલો જ વિશ્વાસ કરીએ છીએ. આવો આપણે કૃપાના નામે ઈશ્વરને શોભતા જીવનની અધીનતાનું બલિદાન ન આપીએ. શિસ્ત સાથે કોઈ સમાધાન ન કરીએ, અને એ પણ ન ભૂલીએ કે ઈશ્વરની કૃપા વગર માફી શક્ય જ નથી!

આગેવાનો સમક્ષ આધીનતા

આધુનિકતા પછીના વિશ્વમાં, "માન", "સન્માન", "આધીનતા", અને "આજ્ઞાપાલન" જેવા શબ્દોને ખરાબ ગણવામાં આવે છે! અને આ જ અભિગમ મંડળીમાં સ્પર્શ્યો છે.

અત્રે તેનું સીમાચિન્હ છે.

હિબ્રૂઓને પત્ર 13:17
તમે તમારા આગેવાનોની આજ્ઞાઓ પાળીને તેઓને આધીન રહો; કેમ કે હિસાબ આપનારાઓની જેમ તેઓ તમારા આત્માઓની ચોકી કરે છે; એ માટે કે તેઓ આનંદથી તે [કામ] કરે, પણ શોકથી નહિ; કેમ કે એથી તમને ગેરલાભ થાય.

સેવા માટેના પ્રાચીન સીમાચિન્હો

પહેરવેશ

આજકના ઝભ્ભાથી લઈને શુટ અને રોજિંદા કપડાં પહેરીને પુલપીટ પર સેવા કરવાની ખૂબ લાંબી યાત્રા આપણે કરી છે. કેવળ પહેરવેશને કારણે સેવકોનો ન્યાય ન કરશો. વરૂના પહેરવેશમાં તેઓ ઘેટાં પણ હોય શકે છે. જે અગત્યનું છે તે તેઓનું જીવન, ચરિત્ર, તેઓના સંદેશાની પ્રામાણિક્તા અને ઈશ્વરના આત્માના અભિષિક્તપણાને તેઓ કેવી રીતે રજૂ કરે છે. જ્યાં સુધી આપણે સેવામાં પ્રાચીન સીમાચિન્હોને જાળવી રાખીએ છીએ ત્યાં સુધી રોજિંદા કપડાં પહેરીને સેવા કરવામાં કશું ખોટું નથી!

શિષ્ટાચાર

આજે ખ્રિસ્તી ધર્મમાં કેટલાક ક્ષેત્રોમાં જે બની રહ્યું છે તે જોતાં મને ચિંતા થાય છે. શાંત અને નમ્ર બનવાના પ્રયત્નોમાં, પ્રબોધકો અને સેવકો ખરેખર તો સેવામાં નૈતિક માપદંડોની તુચ્છ ગણે છે. શું તમે કલ્પના કરી શકો કે કોઈ સેવક નમ્રતા દેખાડવા માટે પુલપીટ પરથી સંદેશા દરમ્યાન કહે કે તે સપ્તાહમાં કેટલીવાર પોતાની પત્ની સાથે સંભોગ કરે છે! કેવળ પોતાની મંડળીના લોકો સમક્ષ નમ્ર દેખાવા ખાતર! હલકી ભાષા, સસ્તા જોક્સ, અને બીજી નબળી વાતો દ્વારા નમ્રતાનો ડોળ કરતાં આપણે પુલપિટની ગરિમા અને પવિત્રતાને ખોઈ બેસીએ છીએ.

એક માણસ તેની સેવાની શરૂઆતથી અત્યાર સુધીના વર્ષોમાં ચાર વખત છૂટાછેડા લઈ ચૂક્યો છે અને હાલમાં તેના પાંચમા લગ્નજીવનમાં, ટેલીવિજન સેવામાં પાળક અને સંબોધક છે. શા માટે આપણે આવું સહન કરીએ છીએ?

જેઓ આત્મિક આગેવાનીમાં અને સેવામાં છે તેઓ માટે પ્રાચીન સીમાચિન્હો.

તિમોથીને પહેલો પત્ર 3:1-5

1 આ વિધાન ખરું છે "જો કોઈ માણસ અધ્યક્ષપદની ઈચ્છા રાખે છે, તો તે ઉમદા કામની ઈચ્છા રાખે છે."

2 અધ્યક્ષ તો નિર્દોષ, એક જ સ્ત્રીનો વર, પરહેજગાર, શુદ્ધ હૃદયનો, સુવ્યવસ્થિત, આતિથ્ય કરનાર, શીખવી શકે એવો;

3 મદ્યપાન કરનાર નહિ, મારનાર નહિ, પણ સહનશીલ, કજિયા કરનાર નહિ; દ્રવ્યલોભી નહિ;

4 પોતાના ઘરનાંને સારી રીતે ચલાવનાર, પોતાનાં છોકરાને પૂર્ણ ગાંભીર્યથી આધીન રાખનાર, એવો હોવો જોઈએ.

5 (કેમ કે જો કોઈ માણસ પોતાના ઘરનાંને બરાબર રીતે ચલાવી જાણતો નથી, તો તે ઈશ્વરની મંડળીની સંભાળ કેવી રીતે રાખશે?)

જેઓ સેવામાં છે તેઓ માટે ઈશ્વર દ્વારા નક્કી થયેલ પૂર્વશરતોરૂપી જે માપદંડો આપવામાં આવ્યા છે તે પ્રતિ ખ્રિસ્તી ધર્મ જાણે કે બેદરકાર બની ગયો છે. એ સાચું છે કે સેવકો પણ આખરે તો મનુષ્ય જ છે પણ ઈશ્વરે જે માપદંડો સ્થાપિત કર્યા છે તેના પાલનની તેઓ આપણી પાસે અપેક્ષા રાખે છે. આ પ્રાચીન સીમાચિન્હો છે જેનો આપણે ભંગ ન કરી શકીએ!

સંદેશા

પ્રેરિત પાઉલ દ્વારા ગૌરવપૂર્ણ ચેતવણી.

પાઉલ કહે છે, *"કેમ કે ઘણાની જેમ અમે ઈશ્વરની વાતમાં ભેળ કરતાં નથી, પણ શુદ્ધ અંત:કરણથી તથા ઈશ્વરના [અધિકારથી] તથા ઈશ્વરની સમક્ષ [બોલતા હોઈએ] તેમ અમે ખ્રિસ્તમાં બોલીએ છીએ"* (કરિંથીઓને બીજો પત્ર 2:17).

ઈશ્વરની વાતમાં ભેળ કરવો એટલે શું? એનો અર્થ છે કે વચનને ભેળવી દેવું, નૈતિક સુસંગતતા (જે સંપૂર્ણ નથી) સાથે મિલાવી દેવું, આધુનિકતા પછીની ફિલસૂફી, માનવતાવાદ, અને બીજી "સારુ લગાડતી" યુક્તિઓ, જેને ભેળવીને પ્રેક્ષકોને

ભોળવી દેવા. સમગ્ર વિશ્વના પુલપીટ પર જાણે કે આવું થાય છે. એવું નથી કે કેટલાક ઉપદેશકો બઈબલનો ઉપયોગ કરતાં નથી અને શાસ્ત્રમાથી કહેતા નથી, પણ નવા વિશ્વને સુસંગત થવાના પ્રયાસરૂપે, કેટલાક પ્રેક્ષકોને રાજી રાખવા માટે વચનને ભેળવી દે છે અને તેઓને જે સંભાળવું છે તે જ ઉપદેશ આપે છે!

તિમોથીને બીજો પત્ર 4:2-4

2 તું સુવાર્તા પ્રગટ કર: અનુકૂળ તથા પ્રતિકૂળ પ્રસંગે તત્પર રહે; સંપૂર્ણ સહનશીલતાથી ઉપદેશ કરીને ઠપકો આપ, ધમકાવ તથા ઉત્તેજન આપ.

3 કેમ કે એવો વખત આવશે કે જે વખતે તેઓ શુદ્ધ ઉપદેશને સહન કરશે નહિ; પણ કાનમાં ખંજવાળ આવવાથી તેઓ પોતાને મનગમતા ઉપદેશકો પોતાને માટે ભેગા કરશે.

4 તેઓ સત્ય તરફ આડા કાન કરશે, અને કલ્પિત વાતો તરફ ફરશે.

કેટલા લોકોએ સંદેશને સાંભળ્યો છે તે પરથી આપણે જે તે સંદેશાની વૈદ્યતાને મૂલ્યાંકિત કરી શકીએ નહિ. કોઈ સારુ બોલી શકનાર વ્યક્તિ ઘણા મોટા ટોળાને એકઠું કરી શકે. કોઈપણ સંદેશને મૂલ્યાંકિત કરવા માટે તેમાં ઈશ્વરના વચનને સમાધાન વિના કેવી રીતે રજૂ કરવામાં આવ્યું છે તેના પર આધારિત છે.

ઈસુએ ઈશ્વરના રાજ્યના સંદેશની કશાની સાથે ભેળસેળ કરી નહિ. ઈસુનો પડકાર સ્પષ્ટ હતો: *"...દરરોજ તમારો વધસ્તંભ ઊંચકીને મારી પાછળ ચાલો"* (લૂક 9:23).

યોહાન 6:66,67

66 આ સાંભળીને તેના શિષ્યોમાના ઘણાક પાછા જઈને ત્યાર પછી તેની સાથે ચાલ્યા નહિ.

67 એ માટે ઇસુએ બાર [શિષ્યોને] પૂછ્યું કે, શું તમે પણ જતાં રહેવા ચાહો છો?

ઘણા લોકો ઈસુને છોડીને જતાં રહ્યા અને માત્ર 12 શિષ્યો જ બચ્યા. ઈસુએ તેઓને પુચ્છયું કે શું તેઓ પણ જતાં રહેશો.

તમે વિચાર્યું હશે કે ઈસુ સંદેશો આપવામાં નિષ્ફળ ગયા,

કેમ કે તેમના સંદેશા પછી ટોળું વિખેરાવા લાગયું. (લોકોના નકારાત્મક પ્રતિભાવથી તમે સંદેશાને મૂલ્યાંકિત કરી શકો નહિ—કદાચ જે સત્ય કહેવામા આવ્યું હોય તે તેમને ગમ્યું ન હોય?) અને છતાં આપણે જાણીએ છીએ ટોળાઓ તેમની પાછળ આવ્યા કારણ કે તેમનું વચન પિતા તરફથી મળેલું શુદ્ધ વચન હતું અને તેમણે તેમના પિતાનું કાર્ય કર્યું!

આપણાં સંદેશાઓમાં, આપણે સમાધાનરહિત, સુધારા રહિત ઈશ્વરના વચનમાં જે પ્રાચીન સીમાચિન્હો છે તેને જાળવવા પડશે!

પદ્ધતિઓ

પવિત્ર આત્માના સામર્થ્યમાં નિશાનીઓ, આશ્ચર્યો, ચમત્કારો સહિત સુવાર્તા પ્રગટ કરવી એ સેવામાં પદ્ધતિ માટેનું પ્રાચીન સીમાચિન્હ છે. ઈસુએ પણ એ જ કર્યું અને આપણને પણ તેમ કરવા તેઓએ શીખવ્યું. સુવાર્તાઓમાં ઈસુએ જે દ્રષ્ટાંતો કહ્યા તે કરતાં જે ચમત્કારો કર્યા તે અંગેના પ્રસંગો વધુ છે.

હકીકતમાં, ઈસુએ કહ્યું કે,

યોહાન 10:37,38

37 જો હું મારા પિતાનાં કામ નથી કરતો, તો મારા પર વિશ્વાસ ન કરો.

38 પણ જો હું કરું છું, તો જો કે તમે મારા પર વિશ્વાસ ન કરો, તોપણ તે કામો પર વિશ્વાસ કરો; જેથી તમે જાણો ને સમજો કે, પિતા મારામાં છે, અને હું પિતામાં છું.

પાઉલે કહ્યું,

કરિંથીઓને પહેલો પત્ર 2:4,5

4 મારી વાતનો તથા મારા બોધનો આધાર માનવી જ્ઞાનની મનોહર ભાષા પર નહોતો, પણ આત્માના તથા સામર્થ્યના પ્રમાણ પર હતો

5 કે, તમારા વિશ્વાસનો આધાર માણસોના જ્ઞાન ઉપર નહિ, પણ ઈશ્વરના સામર્થ્ય પર હોય.

આ આપણું પ્રાચીન સીમાચિન્હ છે, અને સમકાલીન સંદેશો આપવા માટે આપણે તેનો માપદંડ તરીકે વાપરવાની જરૂર છે. કુશળ વક્તૃત્વ અને ભવ્ય મલ્ટીમીડિયાની મદદ તમને એવું વિચારવા મૂર્ખ ન બનાવે કે આ જ અને આ રીતે જ ઈશ્વરનું વચન આપી શકાય. ઈસુ આપણાં માપદંડ છે! ઈસુએ કહ્યું કે ઉપદેશની સાથે ચમત્કારો અને અલૌકિક નિશાનીઓ હોવા જોઈએ. જ્યારે લોકો ભક્તિસભામાં આવે ત્યારે તેઓને આપણે "રૂપાંતરણનો આ ઉત્તમ અનુભવ" આપી શકીએ—અલૌકિકતાનો નિદર્શનમાં મુકાબલો!

આ એક દિશા છે જેમાં આપણે મંડળી તરીકે આગળ વધવાનું છે. આ રીતે જ આપણે આગળ વધવું પડશે!

સનાતન સત્યને વહન કરવા માટે ટેક્નોલોજી અને સર્જનાત્મકતાને કામે લગાડવામાં કશું ખોટું નથી, પણ મારી ચિંતા એ છે કે આવું કરતાં ક્યાંક ઈશ્વરના રાજ્યની વાત આડે પાટે ચઢી ન જાય, ઈશ્વરની વાતમાં દ્રઢતાને બદલે, ટોળાને આકર્ષિત કરવા માટે વ્યર્થ માર્કેટિંગ અને સુસ્ત વેચાણપ્રક્રિયા બની ન જાય. આપણાં વિશ્વાસના કર્તા અને લેખકને મહત્વ આપવાને બદલે આપણે વ્યક્તિ કેન્દ્રિત બની રહ્યા છીએ. (હિબ્રુઓને પત્ર 12:2).

સેવામાં આપણે આપણાં હેતુઓ અને પદ્ધતિઓ અંગે હઠાગ્રહપૂર્વક ન્યાયી બનવું પડશે. *"આપણે એવી કોઈ ભૂલ કરવી નથી કે જેથી આપણી સેવા બદનામ થાય. પણ દરેક બાબતમાં, આપણે આપણી જાતોને ઈશ્વરના સેવકો તરીકે પ્રસંશનીય બનાવીએ"* (કરિંથીઓને બીજો પત્ર 6:3,4).

ઈશ્વરના સેવકો તરીકે, આપણાં તેડા પ્રત્યે, અલૌકિક નિદર્શન સાથે ઈશ્વરના પવિત્ર આત્માના સામર્થ્યમાં સુવાર્તા આપતા, વફાદાર રહીએ. આ સિવાય જે પણ બાબતને આપણે કામે લગાડીએ તે કેવળ લોકોના હ્રદય સુધી પહોંચવા માટે મદદ તરીકે હોય અને પ્રાચીન સીમાચિન્હોને જરાપણ ખસેડે

નહિ.

એપીસીના પાળકો અને સેવાનાં આગેવાનો સંપૂર્ણ, સમાધાનરહિત અને પવિત્ર આત્માના અભિષિક્તપણામાં ઈશ્વરના વચનો રજૂ કરવા સમર્પિત છે. અમે માનીએ છીએ કે સારુ સંગીત, સર્જનાત્મક રજૂઆત, વિદ્વાન ખુલાસાઓ, સમકાલીન સેવાની પદ્ધતિઓ, અને આધુનિક ટેક્નોલોજી જેવી બાબતો પવિત્ર આત્માના સામર્થ્યમાં નિશાનીઓ, આશ્ચર્યો, ચમત્કારો, અને પવિત્ર આત્માના કૃપાદાનો સાથે ઈશ્વરના અભિષિક્તપણામાં ઈશ્વરના વચન પોકારવાનું સ્થાન લઈ ન શકે (કરિંથીઓને પહેલો પત્ર 2:4,5; અને હિબ્રૂઓને પત્ર 2:3,4).

અમારો વિષય ઈસુ છે, અમારી સામગ્રી ઈશ્વરનું વચન છે, અમારી પદ્ધતિ પવિત્ર આત્માનું સામર્થ્ય છે, અમારી ઉત્કંઠા લોકો છે અને અમારું લક્ષ્ય ખ્રિસ્તના જેવી પરિપકવતા છે.

6
સમર્પણ માટે તેડું

- પ્રાચીન સીમાચિન્હો સાથે જીવવા માટે તમારી જાતને સમર્પિત કરો.
- તમારો પાયો ઈશ્વરમાં અને તેના વચનમાં ઊંડો અને દ્રઢ બને તે માટે તમારી જાતને સમર્પિત કરો. ઈશ્વર અને તેમનું વચન સનાતન છે. ઈશ્વરનું વચન એક માપદંડ હોવું જોઈએ કે જેના વડે તમે દરેક બાબતને માપો અને નક્કી કરો કે જીવનમાં તમે જે રોકાણ કરો છો તે કેટલું યોગ્ય છે; એ માપપટ્ટી છે જે દ્વારા ઈશ્વરીય માપદંડો સાથે જીવનની દરેક બાબતોને માપો; એ આંખની કીકી છે જે દ્વારા તમે જુઓ, અને નક્કી કરો કે શું સાચું છે અને શું ખોટું છે. પરીવર્તનના ફૂંકાઈ રહેલા પવનને કોઈ પ્રકારે પ્રાચીન સીમાચિન્હો સાથે સમાધાનનું કારણ બનવા ન દેશો.
- યાદ રાખો કે કેટલીક પવિત્ર હદો છે જે ઓળંગવાની નથી. ઈશ્વર સ્થાપિત પ્રણાલિકાઓ છે જેને ચાલુ જ રાખવાની છે.
- આ પ્રાચીન સીમાચિન્હોને "તમારા" વિશ્વમાં લઈ જવા પ્રત્યે સમર્પિત થાઓ.
- જે પરીવર્તનના પવનો ઉપયોગી છે તેને સ્વીકરો અને તેની સાથે તાલમેલ સાધો. એ સિવાયના બીજા ક્ષેત્રોમાં પ્રાચીન સીમાચિન્હોને વળગી રહો!
- પ્રાચીન સીમાચિન્હોનું સચોટ રીતે વહન કરો.

આજની પેઢીને હું અરજ કરું છું, તમારી જાતોને ખ્રિસ્તી જીવન કેવી સચોટ રીતે જીવવું જોઈએ તે રીતે જીવવા, બોલવા અને વર્તવા સમર્પિત કરો. જે જીવન આપણે જીવીએ છીએ તે જ સંદેશ આપણે આપણી આવનારી પેઢીને વહન કરીએ છીએ.

આજની પેઢીએ એ સુનિશ્ચિત કરવું પડશે કે આવનાર પેઢી પ્રાચીન સીમાચિન્હોમાં બાંધવાનું ચાલુ રાખે. ઉત્પત્તિનો નિયમ જણાવે છે કે આપણે આપણી જાતનું પ્રજનન કરીએ છીએ—આપણે જે છીએ તેવું પ્રજનન આપણે કરીએ છીએ.

હું ઈચ્છું છું કે હું આવનારી પેઢી સાથે વાત કરી શકું અને તેમના મનોમાં જે વિચારોનું યુદ્ધ ચાલી રહ્યું છે, સારુ અને ખોટું પારખવાની વિમાસણ ચાલી રહી છે તેને કેવી રીતે બદલી શકાય તે અંગે શિક્ષણ આપું. હું ઈચ્છું છું કે હું આવનારી પેઢી સાથે વાત કરી શકું અને શીખવી શકું કે પ્રાચીન સીમાચિન્હોની મર્યાદામાં કેવી રીતે રહેવું. હું ઈચ્છું છું કે હું આવનારી પેઢી સાથે વાત કરી શકું અને બળવો કે ઉત્પાતના અવાજ વિના (આબ્સાલોમે જે ભૂલ કરી તેવી ભૂલ ફરી ના કરતાં) અને અપરિપક્વતાના અવાજ વિના (રેહોબોમે જે ભૂલ કરી તેવી ભૂલ ફરી ના કરતાં) મશાલ યોગ્ય રીતે કેમ મેળવવી તે શીખવી શકું. પરંતુ તેમનો પ્રતીભાવ આપણે, હાલની પેઢી, પોતાના ઉદાહરણ દ્વારા, પ્રાચીન સીમાચિન્હોની હદમાં જીવીને, આકાર આપી શકીએ છીએ!

ઈશ્વરમાં ઊંડે અને ઊંચે જાઓ, પણ જે પ્રાચીન સીમાચિન્હો ઈશ્વરે સ્થાપિત કર્યા છે તેનું ઉલ્લંઘન કરતાં નહિ!

શું તમે જાણો છો કે ઈશ્વર તમને પ્રેમ કરે છે?

આશરે 2000 વર્ષ અગાઉ, ઈશ્વર આ જગતમાં માનવ તરીકે આવ્યા. તેમનું નામ ઇસુ છે. તેઓ સંપૂર્ણપણે પાપરહિત જીવન જીવ્યા. જે રીતે ઇસુ દૈહિક રીતે ઈશ્વર હતા, તેથી તેમણે જે કહ્યું અને કર્યું તે આપણી સમક્ષ ઈશ્વરને પ્રગટ કરે છે. તેઓ જે શબ્દો બોલ્યા તે સાચે જ ઈશ્વરના શબ્દો હતા. તેઓએ જે બાબતો કરી તે દરેક ઈશ્વરના કાર્યો હતા. ઇસુએ પૃથ્વી પર ઘણાં ચમત્કારો કર્યા. તેમણે માંદાઓ અને દુ:ખીઓને સાજા કર્યા. તેમણે આંધળાઓની આંખો ખોલી, બહેરાઓના કાન ખોલી નાખ્યા, લંગડાઓને ચાલતા કર્યા અને દરેક પ્રકારની બીમારીઓ અને રોગ મટાડ્યા. તેમણે ચમત્કારિક રીતે થોડી રોટલીને અનેકઘણી કરીને ભુખ્યાઓને ખવડાવ્યું, તોફાનને શાંત કર્યું અને બીજી ઘણી અદ્દભુત બાબતો કરી.

આ દરેક કાર્યો આપણને દર્શાવે છે ઈશ્વર ભલા ઈશ્વર છે જે ચાહે છે કે બધા જ લોકો સારું, સંપૂર્ણ, તંદુરસ્ત અને સુખી જીવન જીવે. ઈશ્વર ચાહે છે કે બધા જ લોકોની જરૂરિયાતો પૂરી પડાય.

તો શા માટે ઈશ્વરે માનવ બનીને આ જગતમાં આવવાનું નક્કી કર્યું? શા માટે ઇસુ આવ્યા?

આપણે દરેકે પાપ કર્યું છે અને ઈશ્વર કે જેણે આપણું સૃજન કર્યું તેની સમક્ષ અસ્વીકાર્ય કાર્યો કર્યા છે. પાપના પરિણામો નક્કી જ છે. પાપ એ આપણી અને ઈશ્વરની વચ્ચે અભેદ દીવાલ સમાન છે. પાપ આપણને ઈશ્વરથી જુદા કરે છે અને જેમણે આપણું સર્જન કર્યું છે તેવા ઈશ્વરને પારખવાથી અને તેમની સાથે અર્થપૂર્ણ સબંધ રાખતા અટકાવે છે. અને તેથી ઘણાં લોકો આ ખાલી જગ્યાને અન્ય બાબતોથી ભરવા માટે પ્રયાસ કરે છે.

આપણાં પાપનું અન્ય એક પરિણામ ઈશ્વરથી અનંતકાળીક વિચ્છેદ છે. ઈશ્વરના ન્યાયાલયમાં, પાપની સજા મૃત્યુદંડ છે. મૃત્યુ-સદાને માટે નરકમાં ઈશ્વરથી વિચ્છેદ છે.

પરંતુ સુસમાચાર એ છે કે આપણે પાપથી છુટકારો મેળવી શકીએ છીએ અને ઈશ્વરમાં પુન: સ્થાપિત થઈ શકીએ છીએ. બાઇબલ કહે છે કે, ***"કેમ કે પાપનો મુસારો મરણ છે, પરંતુ આપણાં પ્રભુ ઇસુ ખ્રિસ્તમાં દેવનું***

કૃપાદાન અનંતજીવન છે" (રોમનને પત્ર 6:23). જ્યારે ઇસુ વધસ્તંભ પર મરણ પામ્યા ત્યારે તેમણે સમગ્ર જગતના પાપોને સારું ખંડણી ભરી દીધી છે. ત્યારબાદ ત્રણ દિવસ પછી તેઓ સજીવન થયા, ઘણાઓને પોતે જીવંત છે તે બતાવ્યુ અને ત્યાર પછી પાછા સ્વર્ગમાં જતાં રહ્યા.

ઈશ્વર પ્રેમ અને દયા કરવામાં ભલા છે. તેઓ એવું નથી ઇચ્છતા કે કોઈપણ વ્યક્તિ નરકમાં જાય. અને તેથી, તેઓ સમગ્ર માનવજાતને પાપથી છુટકારો પામવાનો રસ્તો અને એના અનંતકાળીક પરિણામો બતાવવા આવ્યા. તેઓ પાપીઓને બચાવવાને—તમારા અને મારા જેવા લોકોને પાપથી છોડાવવા અને અનંતકળીક મૃત્યુથી બચાવવા આવ્યા.

પાપોની આ મફત માફી મેળવવા માટે, બાઇબલ આપણને કહે છે કે આપણે કેવળ એક જ કામ કરવાનું છે—પ્રભુ ઇસુએ વધસ્તંભ જે કાર્ય કર્યું તેને સ્વીકારી લેવું અને તેમના પર પૂરા હ્રદયથી વિશ્વાસ કરવો.

"... જે કોઇ તેના ઉપર વિશ્વાસ કરે છે તે તેના નામથી પાપની માફી પામશે." (પ્રેરિતોના કૃત્યો 10:43).

"જો તું તારે મોઢે ઇસુને પ્રભુ તરીકે કાબુલ કરીશ, અને દેવે તેને મુએલામાંથી પાછો ઉઠાડયો, એવો વિશ્વાસ તારા અંત:કરણમાં રાખીશ તો તું તારણ પામીશ." (રોમનોને પત્ર 10:9).

જો તમે પ્રભુ ઇસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કરશો તો તમે પણ તમારા પાપની માફી અને શુદ્ધતા પામી શકો છો.

અહીં નીચે એક સરળ પ્રાર્થના આપવામાં આવી છે જે તમને પ્રભુ ઇસુએ તમારે માટે વધસ્તંભ પર જે કાર્ય કર્યું તેના પર વિશ્વાસ કરવાનો નિર્ણય લેવામાં મદદરૂપ થશે. આ પ્રાર્થના તમને પ્રભુ ઇસુએ તમારે માટે જે કર્યું છે સ્વીકારવાની અભિવ્યક્તિમાં અને પાપોની માફી તથા શુદ્ધતા પ્રાપ્ત કરવા માટે મદદરૂપ થશે. આ પ્રાર્થના માત્ર એક માર્ગદર્શિકા છે. તમે તમારા પોતાના શબ્દોમાં પણ પ્રાર્થના કરી શકો છો.

પ્રિય પ્રભુ ઇસુ, તમે મારે માટે વધસ્તંભ પર જે કાર્ય કર્યું તેને હું આજે સમજ્યો છું. તમે મારે માટે મરણ પામ્યા. તમે તમારું મૂલ્યવાન રક્ત મારે માટે વહેવડાવ્યું અને મારા પાપોની ખંડણી ભરી કે જેથી મને મુક્તિ મળે. બાઇબલ મને કહે છે કે જે કોઈ તમારા નામ વિશ્વાસ કરે છે

તે તેના પાપોથી છુટકારો પામે છે.

આજે, મે તમારા પર વિશ્વાસ કરવાનું અને વધસ્તંભ પર મરણ પામીને તથા મરણમાંથી સજીવન થઈને મારે જે જે કાર્ય કર્યું છે તેને સ્વીકારવાનું નક્કી કર્યું છે. હું જાણું છું કે હું મારા સારા કર્મો વડે મારી જાતને બચાવવામાં અસમર્થ છું, અને અન્ય કોઈ મનુષ્ય મને બચાવી શકતો નથી કે મારા પાપોને માટે કિંમત ચૂકવી શકતો નથી.

આજે, હું મારા હૃદયમાં વિશ્વાસ કરું છું અને મારે મોઢે કબુલ કરું છું કે તમે મારે માટે મરણ પામ્યા, તમે મારા પાપોને માટે ખંડણી ચૂકવી છે, તમે મરણમાંથી સજીવન થયા છો, અને તમારા પરના વિશ્વાસ થકી, મને મારા પાપોની ક્ષમા અને શુદ્ધિકરણ પ્રાપ્ત થાય છે.

પ્રભુ ઇસુ તમારો આભાર. તમને પ્રેમ કરવામાં, તમને વધુ પારખવામાં અને તમને વિશ્વાસુ બની રહેવા માટે મને મદદ કરો.

આમેન

ઓલ પીપલ્સ ચર્ચ વિષે

ઓલ પીપલ્સ ચર્ચ ખાતે અમારું દર્શન છે કે અમે બેંગ્લોર શહેરમાં મીઠું અને પ્રકાશ બનીએ, દેશ અને વિદેશોમાં એક અવાજ બનીએ.

ઓલ પીપલ્સ ચર્ચ એ એક **ઇસુ પ્રેમી, વચન કેન્દ્રિત, આત્માથી ભરપૂર,** કૌટુંબિક મંડળી, સજ્જતાનું કેન્દ્ર, મિશન કેન્દ્રની સેવા આધારિત અને એક વિશ્વવ્યાપી સુવાર્તા સંગઠન છે.

- **કૌટુંબિક મંડળી તરીકે**, અમે ખ્રિસ્ત કેન્દ્રિત સંગત સમાજ તરીકે, ઈશ્વરની મંડળી તરીકે એકબીજાની કાળજી લઈને અને સેવા કરીને સાથે મળીને વૃદ્ધિ પામીએ છીએ.
- **સજ્જતાના કેન્દ્ર તરીકે**, અમે દરેક વિશ્વાસી વ્યક્તિને વિજયવંત જીવન જીવવા, ખ્રિસ્તસમાન ચારિત્ર્યમાં પરિપક્વ બનવા અને તેઓના જીવનોમાં ઈશ્વરના હેતુઓ પરિપૂર્ણ કરવા માટે સક્ષમ અને સજ્જ કરીએ છીએ.
- **મિશન કેન્દ્ર તરીકે**, અમારા શહેર, દેશ અને વિદેશોને ઈશ્વરના વચનો અને પવિત્ર આત્માના અલૌકિક પ્રકટીકરણ વડે ઇસુ ખ્રિસ્તની પૂર્ણ સુવાર્તા સાથે આશીર્વાદિત કરવા અમે અર્થપૂર્ણ સેવા કરવામાં લાગેલા છીએ.
- **વિશ્વવ્યાપી સુવાર્તા સંગઠન તરીકે**, અમે સ્થાનિક અને વૈશ્વિક સ્તરે ઈશ્વરના આગેવાનોને અને આત્માથી ભરપૂર મંડળીઓનું પોષણ કરીએ છીએ જે તેઓના વિસ્તારોને ઈશ્વરના રાજ્ય માટે પ્રભાવિત કરે.

ઓલ પીપલ્સ ચર્ચ ખાતે, અમે ઈશ્વરના પવિત્ર આત્માના અભિષિક્તપણામાં અને પ્રકટીકરણમાં ઈશ્વરના વચનને કોઈપણ જાતનું સમાધાન કર્યા વિના સંપૂર્ણપણે રજૂ કરવા પ્રતિબદ્ધ છીએ. અમે માનીએ છીએ કે સારું સંગીત, રચનાત્મક રજૂઆત, નિષ્ણાત બાઇબલ જ્ઞાન, સમકાલીન સેવાકીય તકનીકો, આધુનિક તકનીકી સાધનો, અને વિગેરે, પવિત્ર આત્માના સામર્થ્યમાં ચિન્હો, ચમત્કારો, આશ્ચર્યકારક કાર્યો અને કૃપાદાનો થકી ઈશ્વર દ્વારા અભિષિક્ત વચન પ્રગટ કરવાના અભિગમનું સ્થાન લઈ શકે નહિ (કરિન્થિઓને પહેલો પત્ર 2:4,5; હિબ્રુઓને પત્ર 2:3,4). અમારો મુદ્રાલેખ ઇસુ છે, અમારી સામગ્રી વચન છે, અમારી પદ્ધતિ પવિત્ર આત્માનું સામર્થ્ય છે, અમારી ધગશ લોકો છે અને અમારો ઉદ્દેશ ખ્રિસ્તસમાન પરિપક્વતા છે.

બેંગલોર ખાતેના અમારા મુખ્ય મથકની સાથે, ઓલ પીપલ્સ ચર્ચની ભારતભરમાં અન્ય ઠેકાણે પણ મંડળીઓ છે. વર્તમાન યાદી પ્રાપ્ત કરવા માટે ઓલ પીપલ્સના સેવાના કેન્દ્રોનો સંપર્ક કરવા માટે, કૃપા કરી અમારી વેબસાઇટ apcwo.org/locations મુલાકાત લેશો અથવા અમને contact@apcwo.org. આ સરનામે ઇ મેઈલ પણ કરી શકો છો.

વિનામૂલ્ય પ્રકાશનો

A Church in Revival
A Real Place Called Heaven
A Time for Every Purpose
Ancient Landmarks
Baptism in the Holy Spirit
Being Spiritually Minded and Earthly Wise
Biblical Attitude Towards Work
Breaking Personal and Generational Bondages
Change
Code of Honor
Divine Favor
Divine Order in the Citywide Church
Don't Compromise Your Calling
Don't Lose Hope
Equipping the Saints
Foundations (Track 1)
Fulfilling God's Purpose for Your Life
Gifts of the Holy Spirit
Giving Birth to the Purposes of God
God Is a Good God
God's Word—The Miracle Seed
How to Help Your Pastor
Integrity
Kingdom Builders
Laying the Axe to the Root
Living Life Without Strife
Marriage and Family
Ministering Healing and Deliverance
Offenses—Don't Take Them
Open Heavens
Our Redemption
Receiving God's Guidance
Revivals, Visitations and Moves of God
Shhh! No Gossip!
Speak Your Faith
The Conquest of the Mind
The Father's Love
The House of God
The Kingdom of God
The Mighty Name of Jesus
The Night Seasons of Life
The Power of Commitment
The Presence of God
The Redemptive Heart of God
The Refiner's Fire
The Spirit of Wisdom, Revelation and Power
The Wonderful Benefits of Praying in Tongues
Timeless Principles for the Workplace
Understanding the Prophetic
Water Baptism
We Are Different
Who We Are in Christ
Women in the Workplace
Work—Its Original Design

નવા પુસ્તકો નિયમિત રીતે પકાશિત થાય છે. APC ખ્રિસ્તી પુસ્તકો PDF, ઓડિયો અને અન્ય સ્વરૂપે વિનામુલ્યે ડાઉનલોડ કરવા માટે કૃપા કરી અમારી વેબસાઇટ **apcwo.org/books** ની મુલાકાત લેશો. આ પૈકીના ઘણાં પુસ્તકો અન્ય ભાષાઓમાં પણ પ્રાપ્ય છે. વિનામુલ્યે ઓડિયો અને વિડીયો સંદેશાઓ, સંદેશાઓની નોંધ અને અન્ય સંસાધનો માટે કૃપા કરી અમારી વેબસાઇટ **apcwo.org/sermons** ની મુલાકાત લેશો.

કવચયુક્ત સલાહ

કવચયુક્ત સલાહ વ્યક્તિગત સલાહ પૂરી પાડે છે જે લોકોને જીવનના પડકારોનો સામનો કરવા અને તેની પર વિજય પ્રાપ્ત કરવામાં મદદ કરે છે. કવચયુક્ત સલાહ એક વ્યાવસાયિક રીતે તાલીમબદ્ધ અને અનુભવી ખ્રિસ્તી સલાહકારોની ટીમ છે.

અમારી સેવાઓ દરેક વયજૂથના લોકો માટે છે અને જીવનના વિવિધ પડકારોને ઉદ્દેશીને આપવામાં આવે છે.

- **કિશોરાવસ્થા**
- **વ્યક્તિગત અનુકૂળતા**
- **સંબધોમાં પડકારો**
- **શૈક્ષણિક ઓછી સિદ્ધિ**
- **કામ સંબંધિત સમસ્યાઓ**
- **કુટુંબ / દંપતિ: લગ્ન પહેલા/ લગ્ન પછી**
- **માતા-પિતા / બાળકો / ભાઈ-બહેન/ સહકર્મી**
- **વર્તણૂક સબંધી વિકૃતિઓ**
- **વ્યક્તિત્વ સબંધી વિકૃતિઓ**
- **મનોવૈજ્ઞાનિક / ભાવનાત્મક પ્રશ્નો**
- **તણાવ / પ્રતિશોધ**
- **દારૂ / માદક પદાર્થ અપરાધ**
- **આધ્યાત્મિક સમસ્યાઓ**
- **જીવન માર્ગદર્શન**

કવચયુક્ત સલાહની ફી વ્યાજબી છે અને અમારા કોઈપણ તાલિમબદ્ધ સલાહકાર સાથે અગાઉથી મુલાકાત નક્કી કરીને મેળવી શકાય છે.

વેબસાઇટ : **chrysalislife.org**
ફોન: +91-80-25452617 અથવા ટોલ ફ્રી (સંપૂર્ણ ભારતમાંથી) 1-800-300-00998
ઈમેલ: counselor@chrysalislife.org

કવચયુક્ત સલાહ કેન્દ્ર ઓલ પીપલ્સ ચર્ચ અને વર્લ્ડ આઉટરીચની એક સેવા છે.

ઓલ પીપલ્સ ચર્ચ સાથે સહભાગીતા

ઓલ પીપલ્સ ચર્ચ એક સ્થાનિક મંડળી તરીકેની પોતાની સીમાઓની બહાર જઈને, વિશેષ કરીને, ઉત્તર ભારતમાં, ખાસ રીતે (1) આગેવાનોનું સશક્તિકરણ, (2) સેવાને માટે યુવાનોને સજ્જ કરવા, (3) ખ્રિસ્તના શરીર (મંડળી)નું બાંધકામ, સાથે ધ્યાન કેન્દ્રિત કરીને પોતાની સેવાઓ આપે છે. વર્ષ દરમ્યાન 'ખ્રિસ્તી આગેવાનો માટેની પરિષદ' અને યુવાનોની તાલીમ માટેના સંખ્યાબંધ સેમિનાર રાખવામાં આવે છે. વધુમાં, વિશ્વાસીઓને વચન અને આત્મામાં સજ્જ કરવાના હેતુસર હજારોની સંખ્યામાં અંગ્રેજી અને અન્ય ભારતીય ભાષાઓમાં વિવિધ પ્રકાશનોની નકલોનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવે છે.

અમે આપને એકવારના કે માસિક નાણાકીય દાનો માટે સહભાગીદારી કરવા આમંત્રણ આપીએ છીએ. સમગ્ર ભારતમાંથી આપનું કોઈપણ દાન જે આપ અમને સહાયરૂપ થવાના હેતુસર મોકલો છો તેની અમે પુષ્કળ કદર કરીએ છીએ.

આપ આપના દાનો અમને અમારી ઓફિસના સરનામે "ઓલ પીપલ્સ ચર્ચ"ની તરફેણમાં ચેક/બેન્ક ડ્રાફ્ટ સ્વરૂપે મોકલી શકો છો. અથવા તો, આપ આપના દાનો અમારા બેન્ક ખાતામાં સીધા જમા કરાવીને પણ આપી શકો છો. નીચે અમારા બેન્ક ખાતાની વિગતો આપેલી છે.

અકાઉન્ટ નમ્બર: All Peoples Church
અકાઉન્ટ નમ્બર: 50200068829058
IFSC કોડ: HDFC0004367
બેંક: HDFC Bank, 7M/308 80 Ft Rd, HRBR Layout, Kalyan Nagar, Bengaluru - 560043, Karnataka

કૃપા કરીને નોંધ લેશો: *ઓલ પીપલ્સ ચર્ચ માત્ર ભારત ખાતેની બેન્કોના બેન્ક ખાતા દ્વારા નાણાકીય સહયોગ સ્વીકારી શકે છે. આપનો નાણાકીય સહયોગ આપતી વખતે જો આપ ઈચ્છો તો, અમારી કઈ ચોક્કસ સેવા માટે આપના સહયોગનો ઉપયોગ થાય તે આપ દર્શાવી શકો છો.* વધુ માહિતી માટે કૃપા કરી અમારી વેબસાઇટ **apcwo.org/give**. ની મુલાકાત લેશો.

અને હા, કૃપા કરી અમારી સેવાઓ માટે જ્યારે પણ આપને અનુકૂળ હોય ત્યારે અવશ્ય પ્રાર્થના કરશો.


તમારો આભાર અને ઈશ્વર તમને આશિર્વાદ આપે!


DOWNLOAD THE FREE APP!

Search for
"All Peoples Church Bangalore"
in the App or Google play stores.

Available on the App Store

ANDROID APP ON Google play





A daily 5-minute video devotional.
A daily Bible reading and prayer guide.
5-minute Sermon summary.
Toolkit with Scriptures on various topics to build faith and information to share the Gospel.
Resources with sermons, sermon notes, TV programs, books, music and more.

IF YOU LOVE IT, TELL OTHERS ABOUT IT!

ઓલ પીપલ્સ ચર્ચ બાઇબલ કોલેજ

apcbiblecollege.org

ઓલ પીપલ્સ ચર્ચ બાઇબલ કોલેજ અને સેવાકીય પ્રશિક્ષણ કેન્દ્ર, બેંગલોર, ઇંડિયા, એક આત્માથી ભરપૂર, અભિષિક્ત, પ્રશિક્ષણની સાથે અનુભવ અને ઈશ્વરના વચનોને એક સૈદ્ધાંતિક રીતે શીખવામાં અને પવિત્ર આત્માના અલૌકિક સામર્થ્યમાં સેવા કરવામાટે શિક્ષણ આપે છે. અમે વ્યક્તિને સંપૂર્ણ રીતે સેવા કરવામાટે તેના વિકાસમાં એક દૈવીય ચરિત્ર, ઈશ્વરના વચનમાં ઊંડાણપૂર્વક સમજ અને ઇશ્વરી શક્તિદ્વારા તેના અજાયબ પરાક્રમો અને ચમત્કારોના પ્રદર્શનથી દરકે બાબતો ઈશ્વરસાથેના સંબદ્ધમાં ધનિષ્ઠતા કેળવવામાં મદદરૂપ થઈએ છીએ.

ઓલ પીપલ્સ ચર્ચ બાઇબલ કોલેજ (APC-BC) માં, એક સૈદ્ધાંતિક શિક્ષણની સાથે અમે ઈશ્વરના પ્રેમને પ્રદર્શિત કરવો અને પવિત્ર આત્માના અભિષેક અને હાજરીનો અનુભવ અને ઈશ્વરના દૈવીય કાર્ય ઉપર ભાર મૂકીએ છીએ. ઘણા બધા જુવાનો અહીં પ્રશિક્ષણ પ્રાપ્ત કરીને ઈશ્વરના દર્શનને તેમના જીવનમાં પૂરું કરવાને માટે તૈયાર થયા છે.

અમે ત્રણ કાર્યક્રમ ચલાવીએ છીએ.

- એક વર્ષ માટે સર્ટિફિકેટ ઇન થીઓલોજી અને ક્રિશ્ચિયન મિનિસ્ટ્રી (C.Th.)
- બે વર્ષ માટે ડિપ્લોમા ઇન થીઓલોજી અને ક્રિશ્ચિયન મિનિસ્ટ્રી (Dip.Th.)
- ત્રણ વર્ષ માટે બેચલર ઇન થીઓલોજી અને ક્રિશ્ચિયન મિનિસ્ટ્રી (B.Th.)

ક્લાસ દર અઠવાડિયે લેવામાં આવે છે. **સોમવારથી શુક્રવાર સવારે 9:00 થી બપોરે 12:00 સુધી, ભારતીય સમય અનુસાર (UTC+5:30).** અમે ત્રણ રીતે પ્રશિક્ષણ માટેના પર્યાય આપીએ છીએ.

- **ઓન કેમ્પસ:** વ્યક્તિગત તમે કોલેજમાં આવીને હાજરી આપો
- **ઓનલાઇન:** ઓનલાઇન દ્વારા તમે ક્લાસમાં હાજરી આપો
- **ઇ-લર્નિંગ:** પોતાની રીતે અમારી વેબસાઇટ ઉપરથી તમે શિક્ષા પ્રાપ્ત કરો. apcbiblecollege.org/elearn

ઓનલાઇન અરજી કરવા માટે અને વધુ માહિતી જેમ કે કોલેજ, અભ્યાસક્રમ, પાત્રતા, પ્રશિક્ષણની ફી અને અરજી કરવામાટેના ફોર્મને ડાઉનલોડ કરવામાટે apcbiblecollege.org ની મુલાકાત લો.

"પ્રાચીન સીમાચિન્હો" એ એક સંદેશ છે જે કેટલાક સમયથી મારા હૃદયમાં હતો, જે હવે હું આપની સમક્ષ આ પુસ્તકનાં સ્વરૂપમાં મૂકું છું. આ કદાચ એ પ્રકારનો સંદેશ છે જે હું મારા અંતિમ સંદેશાઓમાંના એક તરીકે પ્રચાર કરીશ જ્યાંથી હું બેટન (દંડૂકો) આગળ પાસ કરી નીકળીશ ત્યાંથી આગામી પેઢી દોડ ચાલુ રાખશે.

વિશ્વ બદલાઈ રહ્યું છે. ગઇકાલે જે કામ કરતું હતું તે કદાચ આજે કામ ના કરે! આપણે નવા વિશ્વને અનુકૂળ થવાની જરૂર છે. આપણે અનંતકાળીક સત્યને ચિન્હો અને ભાષા કે જે નવા વિશ્વની સંસ્કૃતિના ભાગ છે તેનો ઉપયોગ કરીને પ્રસ્તુત કરવાની જરૂર છે. અને છતાપણ તેમ કરવામાં ખતરો છે અને આપણે તેનાથી જાગૃત રહેવાની જરૂર છે. આપણે ગમે ત્યાંથી આ નવી સંસ્કૃતિમાંથી કઈપણ લઈને જે સનાતન સત્ય છે તેને રજૂ ના કરી શકીએ. આપણે નવી સંસ્કૃતિના નવા વિશ્વને જોડવા, તેનો ઉપયોગ કરવા અને તેને સુસંગત બનવા માટે પ્રાચીન સીમાચિન્હોની સાથે સમાધાન કરી શકીએ નહીં.

કેટલાક બદલાણના વહેણ ચાલી રહ્યા છે અને આપણે આપના સઢને જ્યાં પવન ફૂંકાઈ રહ્યો છે તેને અનુકૂળ બનાવવાની જરૂર છે, નહીંતો આપણે પાછળ છૂટી જઈશું અને અત્યારના નવા વિશ્વથી આપણે અલગ થઈ જઈશું. અને અમુક બદલાણના પવન એવા છે કે જે એવી દિશામાં ફૂંકાઈ રહ્યાં છે કે જે આપણને આપણી પવિત્ર સરહદો અને ઈશ્વરીય પરંપરાઓને ઓળંગવામાટે મજબૂર કરે છે. આપણે આ બદલાણના પવનનો સામનો કરવામાટે પ્રાચીન સીમાચિન્હોનો ઉપયોગ કરવાનું શીખવું પડશે કે જેથી આ તોફાનોમાં આપણે સ્થિર રહી શકીએ.

બાઈબલની સાથે રહો! બાઇબલ **આપણું** પ્રાચીન સીમાચિન્હ છે!

All Peoples Church & World Outreach
319, 2nd Floor, 7th Main, HRBR Layout,
2nd Block, Kalyan Nagar, Bangalore 560 043
Karnataka, INDIA

Phone: +91-80-25452617
Email: contact@apcwo.org
Website: apcwo.org